તપનાં તેજ

[તપશ્ચર્યા ધર્મ]

卐

ધર્મબોધ

જ્ઞાન દર્શન ચારિત્ર

ગ્રંથમાળા

વડોદરા. ગુજરાત.

પુષ્પ : ૧૨ :

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધર્મબોધ ગ્રંથમાળા-પુષ્પ : ૧૨ :

તપનાં તેજ

[તપશ્ચર્યા ધર્મ]

: લેખક :

ધીરજલાલ ટોકરશી શાહ.

नम्र सूचन

इस ग्रन्थ के अभ्यास का कार्य
पूर्ण होते ही नियत समयावधि में
शीघ्र वापस करने की कृपा करें.
जिससे अन्य वाचकगण इसका
उपयोग कर सकें.

શ્રી મુક્તિકમલ જૈન મોહનગ્રન્થમાળા.

કાર્યાધિકારી-લાલચંદ નંદલાલ શાહ

ઠે. રાવપુરા, ઘીકાંટા, વકીલ બ્રધર્સ પ્રેસ-વડોદરા.

આવૃત્તિ ૧ લી. કીં. ૧૦ આના વિ. સં. ૨૦૦૮.

મુદ્રક:-શાહ ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

વિષયાનુક્રમ

	પૃષ્ઠ
૧. તપનું સ્થાન	૧
૨. તપનો પ્રભાવ	૯ થી ૩૨
મહર્ષિ નંદિષેણ (ચરિત્ર)	૧૦
મહામુનિ વિષ્ણુકુમાર (ચરિત્ર)	૨૧
૩. તપના પ્રકારો	૩૪ થી ૭૨
મુખ્ય ભેદ	૩૫
(૧) અનશન	૩૬
(૨) ઊનોદરિકા	૪૬
(૩) વૃત્તિસંક્ષેપ	૪૯
(૪) રસપરિત્યાગ	૫૦
(૫) કાયક્લેશ	૫૩
(૬) સંલીનતા	૫૪
(૭) પ્રાયશ્ચિત્ત	૫૬
અર્જુનમાળી (કથા)	૫૬
(૮) વિનય	૬૩
(૯) વૈયાવૃત્ત્ય	૬૫
(૧૦) સ્વાધ્યાય	૬૬
(૧૧) ધ્યાન	૬૭
(૧૨) ઉત્સર્ગ અથવા કાયોત્સર્ગ	૬૭
(૧૩) અન્ય તપો	૬૯

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આભારદર્શન

વડોદરાના **શ્રી વીર ધર્મ પ્રભાવક સમાજે** આ ગ્રન્થમાળાનું પ્રકાશન સસ્તું રાખવામાં જે મદદ સહાય તરીકે આપી છે તે માટે તેનો હાર્દિક આભાર માનવામાં આવે છે.

—પ્રકાશક

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

: ૧ :

તપનું સ્થાન

તીર્થંકર ગોત્ર બાંધવામાં પરમ નિમિત્તભૂત એવી વીશ પ્રકારની ધર્મારાધનામાં તપને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત થયેલું છે. તે આ રીતે—

(૧) અરિહંતપદની આરાધના	(૧૧) ચારિત્રપદની આરાધના
(૨) સિદ્ધપદની આરાધના	(૧૨) બ્રહ્મચર્યપદની આરાધના
(૩) પ્રવચનપદની આરાધના	(૧૩) ક્રિયાની આરાધના
(૪) આચાર્યપદની આરાધના	(૧૪) **તપપદની આરાધના**
(૫) સ્થવિરપદની આરાધના	(૧૫) ગૌતમપદની આરાધના
(૬) ઉપાધ્યાયપદની આરાધના	(૧૬) જિનપદની આરાધના
(૭) સાધુપદની આરાધના.	(૧૭) સંયમપદની આરાધના
(૮) જ્ઞાનપદની આરાધના	(૧૮) અભિનવજ્ઞાનપદની આ૦
(૯) દર્શનપદની આરાધના	(૧૯) શ્રુતપદની આરાધના
(૧૦) વિનયપદની આરાધના	(૨૦) તીર્થપદની આરાધના

નિર્ગ્રંથ મહર્ષિઓના અભિપ્રાયથી સાધુજીવનની પવિત્રતા કેળવવા માટે દશ પ્રકારની ધર્મારાધના આવશ્યક છે, તેમાં પણ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તપનો વિશિષ્ટ નિર્દેશ કરવામાં આવ્યો છે, તે આ રીતેઃ (૧) ક્ષમા, (૨) માર્દવ (નમ્રતા), (૩) આર્જવ (સરલતા), (૪) શૌચ, (૫) સત્ય, (૬) સંયમ, (૭) **તપ**, (૮) ત્યાગ (નિર્લોભતા), (૯) આકિંચન્ય અને (૧૦) બ્રહ્મચર્ય.

દેવ, ગુરુ અને ધર્મની યથાર્થ ઉપાસના માટે નવપદનું આરાધન ઉત્તમ ગણાય છે; તેમાં પણ તપનું સ્થાન માનવંતુ છે. જેમ કે—

૧ ૨ ૩ ૪ ૫
અરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ સકલ ગુણખાણ;
૬ ૭ ૮ ૯
દર્શન જ્ઞાન ચારિત્ર એ ઉત્તમ, **તપ** તપો કરી બહુમાણ;
ભવિ તુમે નવપદ ધરજો ધ્યાન.

શ્રાવકનાં છ પ્રકારનાં નિત્ય કર્મોમાં પણ તપની ગણના થયેલી છે. જેમકે—

देवपूजा गुरूपास्तिः, स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां, षट्कर्माणि दिने दिने ॥ १ ॥

દેવની પૂજા, ગુરુની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, **તપ** અને દાન એ છ ગૃહસ્થોમાં નિત્ય કરવા યોગ્ય ષટ્કર્મો છે.

ચારિત્રનું ઉત્તમ પ્રકારે ઘડતર કરવા માટે શાસ્ત્રકારોએ પાંચ પ્રકારનો આચાર વર્ણવેલો છે, તેમાં પણ તપનો વિશિષ્ટ ઉલ્લેખ છે. જેમકે—

नाणम्मि दंसणम्मि, चरणम्मि तवम्मि तहय वीरियम्मि ।
आयरणं आयारो, इअ एसो पंचहा भणिओ ॥ १ ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જ્ઞાનને વિષે, દર્શનને વિષે, ચારિત્રને વિષે, તપને વિષે તથા જ્ઞાનાદિ યોગ્ય વીર્યને વિષે જે આચરણ કરવું તે આચાર કહેવાય છે. તે આ પ્રકારે પાંચ પ્રકારનો કહેલો છે. (૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર.

અપેક્ષાવિશેષથી ધર્મનું સ્વરૂપ ચાર પ્રકારે વર્ણવાયેલું છે, તેમાં પણ તપ નજરે પડે છે. જેમકે—

दानं सुपात्रे विशदं च शीलं, तपो विचित्रं शुभभावना च।
भवार्णवोत्तारणसत्तरण्डम्, धर्मं चतुर्धा मुनयो वदन्ति ॥१॥

ભવસમુદ્રને તરવા માટે ઉત્તમ પ્રકારના વહાણ સમાન ધર્મને મુનિઓ ચાર પ્રકારનો કહે છેઃ તે આ પ્રમાણેઃ (૧) સુપાત્રને દાન દેવું. (૨) શીલનું નિર્મલ પાલન કરવું (૩) **વિવિધ પ્રકારનું તપ આચરવું** અને (૪) ભાવનાઓ શુભ રાખવી.

મહર્ષિઓએ ધર્મનું કથન સંક્ષેપથી ત્રણ પ્રકારે કરેલું છે, તેમાં પણ તપનો મહત્ત્વપૂર્ણ નિર્દેશ છે. જેમકે—

धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥ १ ॥

કોઈ મુમુક્ષુએ નિર્ગ્રંથ મહર્ષિને પૂછયું કે 'હે ભગવન્! આ વિશ્વમાં ઉત્કૃષ્ટ મંગલ શું?' તેના ઉત્તરમાં નિર્ગ્રંથ મહર્ષિએ કહ્યું કે 'હે મહાનુભાવ! આ વિશ્વમાં **ધર્મ એ જ ઉત્કૃષ્ટ મંગલ છે.**' આ પરથી મુમુક્ષુએ ફરી પૂછયું કે 'હે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભગવન્! કેવો ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે? તેના ઉત્તરમાં નિર્ગ્રંથ મહર્ષિએ જણાવ્યું કે 'હે દેવાનુપ્રિય! **જેના મૂળમાં અહિંસા, સંયમ અને તપ રહેલાં છે, તે ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે.'** આ જવાબ ઘણો જ સૂચક હતો અને મનનું સંપૂર્ણ સમાધાન કરે તેવો હતો, પરંતુ મુમુક્ષુને અહીં એક નવો પ્રશ્ન ઉદ્ભભવ્યો કે 'હે ભગવન્! આવા ધર્મનું પાલન તો કરીએ, પણ તેનાથી શું ફળ થાય? તે કૃપા કરીને કહો.' એટલે નિર્ગ્રંથ મહર્ષિ બોલ્યા: '**જેના અંતરમાં** આવો ઉત્કૃષ્ટ **ધર્મ વસેલો હોય છે, તેને** મનુષ્યો તો નમસ્કાર કરે જ પણ **દેવોયે નમસ્કાર કરે છે.** અર્થાત્ આ પ્રકારના ધર્મપાલનથી ત્રિભુવન પૂજ્યપણું પ્રાપ્ત થાય છે.' હવે મુમુક્ષુને વિશેષ પૂછવાનું ન હતું, કારણ કે તેને જે કંઇ જાણવું હતું, તે સઘળું જાણી લીધું હતું. તાત્પર્ય કે–ધર્મના ત્રિવિધ પ્રકારમાં પણ તપનો મહત્ત્વપૂર્ણ નિર્દેશ છે.

ધર્મરૂપી રથને ચલાવનારાં મુખ્ય ચક્રો બે છે: એક સંવર અને બીજું નિર્જરા. તેમાં સંવર સંયમરૂપ છે અને નિર્જરા તપરૂપ છે, એટલે ધર્મના બે પ્રકારોમાં પણ તપે પોતાનું ખાસ સ્થાન જાળવી રાખેલું છે.

ધર્મની આરાધનાનું અંતિમ લક્ષ્ય મોક્ષ કે મુક્તિ છે, આ મોક્ષ કે મુક્તિ કર્મના સંપૂર્ણ ક્ષયથી જ પ્રાપ્ત થાય છે અને કર્મનો સંપૂર્ણ ક્ષય તપને જ આધીન છે. કહ્યું છે કે–

भवकोडीसंचियं कम्मं तवसा निज्जरिज्जइ ।

ક્રોડો ભવમાં સંચિત કરેલું કર્મ, **તપવડે** ક્ષય પામે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

मलं स्वर्णगतं वह्नि–हंसः क्षीरगतं जलम् ।
यथा पृथक्करोत्येव, जन्तोः कर्ममलं तपः ॥ १ ॥

જેમ સુવર્ણમાં રહેલા મેલને અગ્નિ જૂદો પાડે છે તથા દૂધમાં રહેલા જલને હંસ જૂદું પાડે છે, તેમ પ્રાણીઓના કર્મરૂપી મેલને **તપ** (આત્માથી) જૂદો પાડે છે.

તપની આ કર્મવિનાશક શક્તિને મહાપુરુષોએ સુભાષિતોમાં પણ વર્ણવી છે. જેમકે—

कान्तारं न यथेतरो ज्वलयितुं दक्षो दवाग्निं विना,
दावाग्निं न यथेतरः शमयितुं शक्तो विनाऽम्भोधरम् ।
निष्णातः पवनं विना निरसितुं नान्यो यथाऽम्भोधरम्,
कर्मौघं तपसा विना किमपरं हर्तुं समर्थस्तथा ? ॥१॥

અરણ્યને બાળવામાં જેમ દાવાનલ સિવાય બીજું કોઈ સમર્થ નથી, દાવાગ્નિને ઓલવવા માટે જેમ મેઘ વિના બીજું કોઈ સમર્થ નથી, અને મેઘને વીખેરી નાખવા માટે જેમ પવન વિના બીજું કોઈ સમર્થ નથી, તેમ **કર્મના સમૂહનો નાશ કરવામાં તપ વિના બીજું કોઇ સમર્થ નથી.**

यस्माद् विघ्नपरंपरा विघटते दास्यं सुराः कुर्वते,
कामः शाम्यति दाम्यतीन्द्रियगणः कल्याणमुत्सर्पति ।
उन्मीलन्ति महर्द्धयः कलयति ध्वंसं चयः कर्मणां,
स्वाधीनं त्रिदिवं शिवं च भजति श्लाघ्यं तपस्तन्न किम् ? ॥१॥

'જે તપથી વિઘ્નની પરંપરા દૂર થાય છે, દેવો દાસપણું

કરે છે, કામ શમી જાય છે, ઇન્દ્રિયોના સમૂહનું દમન થાય છે, કલ્યાણ વૃદ્ધિ પામે છે, મહાન્ ઋદ્ધિઓ પ્રાપ્ત થાય છે, **કર્મનો સમૂહ નાશ પામે છે અને સ્વર્ગ તથા મોક્ષ સ્વાધીન થાય છે.** તે તપ શું વખાણવા યોગ્ય નથી? અર્થાત્ છે જ.'

संतोषस्थूलमूलः प्रशमपरिकरस्कन्धबन्धप्रपञ्चः,
पञ्चाक्षीरोधशाखः स्फुरदभयदलः शीलसंपत्प्रवालः ।
श्रद्धाम्भःपूरसेकाद्विपुलकुलबलैश्वर्यसौन्दर्यभोगः,
स्वर्गादिप्राप्तिपुष्पः शिवसुखफलदः स्यात्तपःपादपोऽयम् ॥१॥

'આ તપરૂપી વૃક્ષ સંતોષરૂપી મોટા મૂળવાળું છે; ક્ષમાના પરિવારરૂપી થડવાળું છે; ઇંદ્રિયોના રોધરૂપી શાખાવાળું છે; સ્ફુરાયમાન અભયદાનરૂપી પાંદડાંવાળું છે; બ્રહ્મચર્યરૂપી સંપત્તિથી નવપલ્લવિત છે; શ્રદ્ધારૂપી જલનો છંટકાવ કરવાથી કુલ, બલ, ઐશ્વર્ય, સૌન્દર્ય અને ભોગનો વિસ્તાર કરનારું છે; સ્વર્ગાદિકની પ્રાપ્તિરૂપ પુષ્પોવાળું છે અને **મોક્ષરૂપી ફલને આપનારું છે.**

મંગલ બે પ્રકારનાં છે: એક દ્રવ્ય મંગલ અને બીજું ભાવ મંગલ. તેમાં દ્રવ્ય મંગલ લૌકિક કાર્યોની સિદ્ધિ કરનારું છે અને ભાવમંગલ લોકોત્તર કાર્યોની સિદ્ધિ કરનારું છે. આવા ભાવ મંગલ તરીકે **તપ**ની ગણના થાય છે. કહ્યું છે કે—

कर्म खपावे चीकणां, भावमंगल तप जाण ।
पचास लब्धि उपजे, जय जय तप गुणखाण ॥१॥

તપ ગમે તેવાં નિકાચિત કર્મોનો ક્ષય કરી નાખે છે, તેથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેને જ ખરું ભાવ મંગલ જાણવું. વળી તેના આરાધનથી પચાશ પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થાય છે, એટલે તપ એ ગુણની ખાણ જેવું છે. આવા ગુણની ખાણ જેવા તપનો સદા જય જયકાર હો,

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે તપની પ્રશંસા કરતાં કહ્યું છે કે—

आमोसही पमुहा बहुलद्धि, होवे जास प्रभावे;
अष्ट महासिद्धि नवनिधि प्रगटे, नमीए ते तप भावे रे.
फल शिवसुख मोटुं सुर-नरवर संपत्ति जेहनुं फूल;
ते तप सुरतरु सरिखो वंदु, सम मकरंद अमूल रे.
सर्व मंगलमां पहेलुं मंगल, वरणवियुं जे ग्रंथे;
ते तपपद त्रिहुं काल नमीजे, वर सहाय शिवपंथे रे.

જેના પ્રભાવથી આમોસહી (આમર્ષૌષધિ) વગેરે અનેક પ્રકારની લબ્ધિઓ, અષ્ટ મહાસિદ્ધિ અને નવનિધિ પ્રકટે છે, તે તપને ભાવથી નમસ્કાર કરો.

શિવસુખ એ જેનું મોટું ફલ છે, ઇંદ્ર અને ચક્રવર્તીની સંપત્તિ એ જેનું ફૂલ છે અને સમત્વ એ જેનો મકરંદ (પરાગ) છે, તે કલ્પવૃક્ષ સરખા તપને હું વંદું છું.

બધાં મંગલોમાં પહેલા મંગલ તરીકે જેનું શાસ્ત્રોમાં વર્ણન આવે છે અને જે મોક્ષે જવાને માટે ઉત્તમ સહાયરૂપ છે, તે તપપદ ત્રણે કાલમાં નમવા યોગ્ય છે.

નિર્ગ્રંથ મહર્ષિઓની દૃષ્ટિએ આ માનવ દેહનું મુખ્ય ફલ જ તપ છે. કહ્યું છે કે—

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

अद्यश्वीनविनाशस्य, शरीरस्य शरीरिणाम् ।
सकामनिर्जरासारम्, तप एव महत्फलम् ॥ १ ॥

મનુષ્યોનું શરીર જે આજ કે કાલ અવશ્ય વિનાશ પામવાનું છે, તેનું મોટું ફલ એ જ છે કે તેના વડે બને તેટલું સકામનિર્જરાવાળું તપ કરી લેવું.

અહીં સકામનિર્જરાથી સમજણપૂર્વક કર્મ ખપાવવાની ક્રિયા અભિપ્રેત છે.

બ્રાહ્મણ સંસ્કૃતિ મુખ્યત્વે લોકવ્યવહાર પર કેન્દ્રિત થયેલી છે, જ્યારે શ્રમણ સંસ્કૃતિ અહિંસા, સંયમ અને તપ પર કેન્દ્રિત થયેલી છે. શ્રમણ શબ્દનો અર્થ જ (૧) અહિંસાનો (સમતાનો) પાલક, (૨) સંયમનો ધારક કે (૩) તપ કરનાર થાય છે. તે આ રીતે:—

(૧) **समतया शत्रु-मित्रादिषु प्रवर्तते इति श्रमणः**—જે શત્રુ અને મિત્ર પ્રત્યે સમભાવથી વર્તે તે શ્રમણ.

(૨) **श्राम्यति श्रममानयति पञ्चेन्द्रियाणि मनश्चेति श्रमणः**– જે પાંચ ઇન્દ્રિયો અને મનને શ્રમ પમાડે છે, તે શ્રમણ. તાત્પર્ય કે સંયમનું પાલન કરે તે શ્રમણ.

(૩) **श्राम्यतीति श्रमणः**–જે તપ કરે છે તે શ્રમણ.

આ રીતે શ્રમણ શબ્દ અહિંસા, સંયમ અને તપનાં પાલનનો સૂચક છે અને તેમાંથી ઉદ્ભવેલી આચારવિચારની પ્રણાલિકા શ્રમણ-સંસ્કૃતિ કહેવાય છે.

આ વિવેચનનો સાર એ છે કે-જૈનધર્મમાં **તપનું સ્થાન ઘણું જ ઊંચું છે.**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

: ૨ :

તપનો પ્રભાવ

તપનાં તેજ નિરાળાં છે, તપની તાકાત અનેરી છે. તપનો પ્રભાવ અચિંત્ય છે. કહ્યું છે કે—

अथिरं पि थिरं, वंकंपि उज्जुअं दुल्लहं वि तह सुलहं।
दुरुज्झं पि सुरुज्झं, तवेण संपज्जए कज्जं ॥ १ ॥

તપના પ્રભાવથી અસ્થિર હોય તે સ્થિર થાય છે, વાંકું હોય તે સરલ થાય છે, દુર્લભ હોય તે સુલભ થાય છે અને જે ઘણા પ્રયત્ને સાધી શકાય તેવું હોય તે સરલતાથી સાધી શકાય છે. આમ તપવડે સર્વ પ્રકારનાં કાર્યો સિદ્ધ થાય છે.

यद्दूरं यद्दूराराध्यं, यच्च दूरे व्यवस्थितम्।
तत्सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥ १ ॥

જે સામાન્ય રીતે દૂર છે, જે મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકાય તેવું છે અને જે ઘણે દૂર રહેલું છે, તે સર્વ તપવડે મેળવી શકાય છે. ખરેખર ! તપનો પ્રભાવ ન ઓળંગી શકાય તેવો છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

किं बहुणा भणिएणं, जं कस्स वि कह वि कत्थ वि सुहाइं ।
दीसंति भवणमज्झे, तत्थ तवो कारणं चेव ॥

વધારે વર્ણન કરવાથી શું ? જગત્‌માં કોઇને કયાંઇ કંઇ પણ સુખ દેખાય છે, તેનું કારણ તપ જ છે.

નંદિષેણ મહર્ષિએ તીવ્ર તપ કર્યું, તેના પ્રભાવથી તેઓ વસુદેવ તરીકે ઉત્પન્ન થયા અને હજારો રમણીઓને વલ્લભ થયા.

મહર્ષિ નંદિષેણ.

બ્રાહ્મણપુત્ર નંદિષેણ મંદભાગ્ય-શિરોમણિ હતો, કારણ કે તેનાં માતાપિતા તેનો જન્મ થયા પછી તરત જ મૃત્યુ પામ્યાં હતાં. અધૂરામાં પૂરું તેનું શરીર ઘણું જ બેડોળ હતું. પેટ મોટું, દાંત લાંબા, આંખો પીળી, માથું ચોરસ અને હાથ-પગ વાંકાચૂંકા ! આ કારણથી સ્વજનોએ તેને છોડી દીધો, પરંતુ હાથની પાંચે આંગળીઓ સરખી હોતી નથી. રણના સૂકા પ્રદેશમાં પણ મીઠા પાણીની કેટલીક વીરડીઓ અવશ્ય હોય છે. તે રીતે સ્વાર્થપરાયણ અને કાળજાની કાળમીંઢ દુનિયામાં કેટલાક મનુષ્યો પરગજુ અને પોચા હૃદયના પણ હોય છે. નંદિષેણનો મામો આ પ્રકારનો મનુષ્ય હતો, એટલે તેણે નિરાધાર નંદિષેણને પોતાની ગોદમાં ઉઠાવી લીધો અને છાતી સરસો ચાંપીને ઉછેરવા માટે પોતાની પત્નીને સોંપ્યો. પણ એ માતુલ પત્ની-મામી સ્વભાવની આકરી હતી તથા પોતાનો અને પારકાનો ભેદ કરનારી હતી, એટલે ઘણી આનાકાની પછી નંદિષેણને ઉછેરવા કબૂલ થઇ અને એ રીતે નંદિષેણ મામાના ઘરમાં ઉછરવા લાગ્યો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'પારકી મા કાન વિંધે' એ કહેવત નંદિષેણની બાબતમાં સાચી પડી. તેની નાની સરખી ભૂલ થતી કે કોઇ પણ બાબતમાં જરા છૂટ લેતો કે મામીના હાથનો તમાચો તેના ગાલ પર પડ્યા વિના રહેતો નહિ. કોઇ કોઈ વાર વેલણ, લાકડી કે ધોકાનો માર પણ ખાવો પડતો પણ તેવા વખતે મામા વહારે ધાતા અને નંદિષેણને બચાવી લેતા.

નંદિષેણ બદસુરત હતો, બેડોળ હતો પણ સ્વભાવનો ભલો હતો અને ખૂબ જ કામગરો હતો. એટલે ધીમે ધીમે મામાને તે ખૂબ જ પ્રિય થઇ પડ્યો. કોઇએ સાચું જ કહ્યું છે કે 'આ જગતમાં રૂપ એ કામણ નથી, સુંદર શબ્દો એ કામણ નથી, યૌવન અને અધિકાર એ પણ કામણ નથી, પણ કામ એ જ મોટું કામણ છે કે જે સર્વ જનોને જોતજોતામાં પોતાને વશ કરી લે છે.'

આમ કરતાં નંદિષેણ યુવાનીના આરે આવી પહોંચ્યો, એટલે મામાએ તેને એકાંતમાં બોલાવીને કહ્યું કે 'જો નંદિષેણ! તું ડાહ્યો અને ખૂબ કહ્યાગરો છે, તેથી મારી મોટી પુત્રી તને પરણાવીશ.' મામાને સાત પુત્રીઓ હતી અને તે બધી જ હજી કુંવારી હતી, એટલે મામાએ આ પ્રસ્તાવ કર્યો હતો, પરંતુ મોટી પુત્રીને ખબર પડી કે 'મારો પિતા મારાં લગ્ન નંદિષેણ સાથે કરવા ઇચ્છે છે,' એટલે તેણે પિતાને સ્પષ્ટ જણાવી દીધું કે 'તમે કહેશો તો હું અફીણ ઘોળીને પી જઈશ અથવા કૂવે પડીને મરી જઈશ, પણ નંદિષેણને તો નહિ જ પરણું.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ સાંભળી નંદિષેણને લાગી આવ્યું, પરંતુ મામાએ તેનું નિવારણ કરતાં કહ્યું કે ' નંદિષેણ ! નિરાશ થવાની જરૂર નથી. હું મારી બીજી પુત્રી તને પરણાવીશ. ' પરંતુ બીજી પુત્રીએ પણ નંદિષેણને પરણવાની સાફ ના પાડી દીધી. આ રીતે મામાએ બીજી પણ પાંચ પુત્રીઓનાં લગ્નનો પ્રસ્તાવ કર્યો અને તે પાંચે પુત્રીઓએ પહેલી બેના જેવો જ જવાબ આપ્યો.

આ સંયોગોમાં નંદિષેણની નિરાશા વધી જાય તે સ્વાભાવિક હતું, એટલે મામાએ કહ્યું કે ' તારા લગ્ન બીજી કોઈ કન્યા સાથે કરી આપીશ. ' પણ આ આશ્વાસનથી નંદિષેણનાં ભગ્ન હૃદયમાં આશાનો જરા પણ સંચાર થયો નહિ. તે સ્વગત કહેવા લાગ્યો: ' ઓ નિર્ભાગી નંદિષેણ ! તું કેટલો બદસિકલ છે ? તારાં અંગોપાંગ કેટલાં બેડોળ અને લજ્જાસ્પદ છે ? આવાં દર્શને–આવાં ઢંગે તારી સાથે લગ્ન કરવાને કોણ તૈયાર થાય ? એ તો મામા ભલા છે, એટલે આશ્વાસનો આપે છે; પણ તારે સમજવું જોઈએ કે તલમાં કંઈ તેલ નથી. વળી આ ઘરમાં તારું સ્થાન પણ શું છે ? બધાં તારા પ્રત્યે એક નોકર જેવો જ વર્તાવ રાખે છે ! અને મામાની મોઢે ચડાવેલી પુત્રીઓ તને પજવવામાં કંઇ બાકી રાખતી નથી. એટલે ઉત્તમ રસ્તો એ જ છે કે–તારે આ ઘરનો ત્યાગ કરવો, આ નગરનો ત્યાગ કરવો અને કોઈ બીજા જ સ્થળે નશીબ અજમાવવું. '

નંદિષેણ એક અંધારી રાત્રિએ મામાના ઘરનો ત્યાગ કરીને ચાલી નીકળ્યો, અને રત્નપુર નામના નગરે પહોંચી તેના બહિર્ભાગમાં આવેલા એક ઉદ્યાનમાં આરામ કરવા લાગ્યો. અહીં સ્ત્રી–પુરુષના એક યુગલને નિરંકુશ ક્રીડા કરતું જોઇ, તેને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પોતાનું દુર્ભાગ્ય યાદ આવ્યું અને તે પોતાના ભાગ્યને પુનઃપુનઃ નિંદવા લાગ્યો. છેવટે તેને એમ લાગ્યું કે 'આવું દુર્ભાગી જીવન જીવવું તેના કરતાં મૃત્યુની મહોબત વધારે સારી,' એટલે તે ઉદ્યાનના એકાંત ભાગમાં ગયો અને ગળે ફાંસો ખાવાની તૈયારી કરવા લાગ્યો. પરંતુ તે જ ક્ષણે પાસેની વૃક્ષઘટામાંથી અવાજ આવ્યો: 'અરે મનુષ્ય! મૃત્યુનું સાહસ મા કર. આત્મઘાતથી કોઇ પણ પ્રકારનું સુખ મળતું નથી. સુખ મેળવવાનો માર્ગ એક જ અને તે ધર્મનું યથાર્થ પાલન. માટે તું ધર્મનું શરણ અંગીકાર કર.'

આ વચનોએ નંદિષેણની નિરાશા ઉડાડી મૂકી. તે સાવધ થયો અને આસપાસ જોવા લાગ્યો, ત્યાં ધ્યાન ધરી રહેલા એક મુનિ તેના જોવામાં આવ્યા કે જેમની મુખમુદ્રા ધીર, ગંભીર અને પ્રસન્ન હતી. નંદિષેણ તેમના ચરણે પડ્યો અને મુનિએ ધર્મલાભ આપ્યો. પછી તેમના ઉપદેશથી પ્રતિબોધ પામીને દીક્ષા લીધી.

ત્યાગ અને તપશ્ચર્યા એ સાધુ જીવનનાં મુખ્ય લક્ષણો છે, એટલે નંદિષેણ મુનિ ઉત્કટ ત્યાગી અને તપસ્વી બન્યા, તથા કાલક્રમે ગીતાર્થ થયા. પછી તેમણે સાધુઓનું વૈયાવૃત્ત્ય કરવાનો અભિગ્રહ કર્યો. આ અભિગ્રહ અનુસાર તેઓ બાલ, ગ્લાન વગેરે મુનિઓનું અનન્ય મનથી અદ્‌ભુત વૈયાવૃત્ત્ય કરતા અને પછી જ આહારપાણી વાપરતા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ધીમે ધીમે આ વાત સર્વત્ર પ્રસરી ગઇ. કહ્યું છે કે-

वार्त्ता च कौतुकवती विशदा च विद्या,
लोकोत्तरः परिमलश्च कुरंगनाभेः ।
तैलस्य बिन्दुरिव वारिणि दुर्निवार-
मेतत्त्रयं प्रसरतीह किमत्र चित्रम् ? ॥ १ ॥

'કૌતુકવાળી વાર્તા, વિશદ વિદ્યા અને કસ્તૂરીની લોકોત્તર સુગંધ-એ ત્રણ જલમાં પડેલાં તેલનાં બિંદુની જેમ જગત્માં દુર્નિવારપણે પ્રસરે, તેમાં આશ્ચર્ય શું ?'

એક દિવસ ઇંદ્ર મહારાજે ઇંદ્રસભામાં તપસ્વી નંદિષેણની પ્રશંસા કરી, તે બે દેવોથી સહન થઈ નહિ; એટલે તેઓ સાધુઓનું રૂપ લઈને તપસ્વી નંદિષેણ વિરાજતા હતા, તે ગામની ભાગોળે આવ્યા. આ સાધુઓમાંનો એક ઘરડો અને રોગી બન્યો હતો તથા બીજો સામાન્ય રહ્યો હતો.

અહીં તપસ્વી નંદિષેણ પારણું કરવાની તૈયારી કરતા હતા, તેવામાં પેલો સામાન્ય સાધુ ત્યાં આવી પહોંચ્યો અને કહેવા લાગ્યો કે 'અરે ભદ્ર! સાધુઓનું વૈયાવૃત્ય કરવાની પ્રતિજ્ઞા લઈને તું અત્યારે ખાવા કેમ બેઠો છે? આ નગરની બહાર અતિસાર રોગવાળા એક મુનિ ક્ષુધા અને તૃષાથી પીડિત છે.'

આ શબ્દો સાંભળતાં જ તપસ્વી નંદિષેણે પારણું કરવાનું મુલતવી રાખ્યું અને શુદ્ધ પાણી વહોરી લાવીને મુનિવાળા સ્થળે આવ્યા. એટલે ઘરડા રોગી મુનિએ આક્રોશ કરીને કહ્યું: 'અરે અધમ! હું આવી અવસ્થામાં અહીં પડ્યો છું અને

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તું ઝટપટ પારણું કરવા બેસી ગયો, તેથી તારી વૈયાવૃત્યની પ્રતિજ્ઞાને ધિક્કાર છે!'

આ સાંભળીને તપસ્વી નંદિષેણુ બોલ્યાઃ 'હે મુનિ! મારા તે અપરાધને ક્ષમા કરો. હવે હું તમને સજ્જ કરીશ. આ તમારે યોગ્ય શુદ્ધ પાણી લાવ્યો છું.' એમ કહી તેને પાણી પીવડાવ્યું અને બેઠા થવા કહ્યું. એટલે તે મુનિએ ફરી આક્રોશ કરીને કહ્યુંઃ 'અરે મૂર્ખ! જોતો નથી કે હું કેટલો અશક્ત છું? આ સ્થિતિમાં હું બેઠો કેમ કરીને થાઉં?' પરંતુ તપસ્વી નંદિષેણુ જરા પણ ક્ષોભ પામ્યા નહિ. તેમણે શાંતિથી કહ્યુંઃ 'આપને હું બેઠા કરું છું.' અને તેમને બેઠા કર્યા. પછી વિનયથી જણાવ્યું કે 'જો આપની ઇચ્છા હોય તો આપને નગરમાં લઈ ચાલું. ત્યાં આપને વધારે સાતા રહેશે.' પેલા મુનિએ તે વાત કબૂલ કરી, એટલે તપસ્વી નંદિ-ષેણુ તેમને ખભે બેસાડીને ચાલવા લાગ્યા.

નિરંતર તપશ્ચર્યા કરવાથી નંદિષેણુ મુનિનું શરીર દુર્બળ પડી ગયું હતું એટલે તેઓ ધીમે ધીમે ચાલતા હતા અને જોઈ જોઈને ડગલું ભરતા હતા, પરંતુ પેલા મુનિને પરીક્ષા કરવી હતી એટલે તેમણે પોતાનું વજન વધારવા માંડ્યું. આથી નંદિષેણુ મુનિ ધ્રૂજવા લાગ્યા અને સ્ખલનાઓ થવા લાગી. ત્યારે પેલા મુનિએ કહ્યુંઃ 'અરે અધમ! આ તું શું કરે છે? જાણે કોઈ ઊંટ ચાલ્યો! તેં તો મારા આખા શરીરને હચમચાવી નાખ્યું. શું તારા સેવા કરવાના આ ઢંગ છે?'

આવાં કર્કશ વચનો સાંભળવા છતાં તપસ્વી નંદિષેણુ જરા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પણ ગુસ્સે થયા નહિ. તેમણે પૂર્વવત્ શાંતિથી કહ્યું: 'મારા આ પ્રમાણે ચાલવાથી આપને દુઃખ થયું હોય તો મને ક્ષમા કરજો. હવે હું વધારે સાચવીને ચાલીશ.' પછી તેઓ ખૂબ ધીમેથી ચાલવા લાગ્યા.

રસ્તામાં પેલા મુનિએ તેમનાં ખભા પર ઝાડો કર્યો કે જેની દુર્ગંધ અસહ્ય હતી. તેમ છતાં તપસ્વી નંદિષેણનું રુંવાડું સરખુંયે ફરક્યું નહિ. તેઓ તો એક જ વિચાર કરવા લાગ્યા કે 'આ મુનિ પીડા રહિત ક્યારે થાય?'

એમ કરતાં તેઓ પોતાની વસતિ પર આવ્યા અને મુનિને ધીમેથી નીચે ઉતારીને પોતાનું શરીર સાફ કરવાની તૈયારી કરવા લાગ્યા. એટલે પેલા દેવે તેમની દૃઢ પ્રતિજ્ઞાની ખાતરી થવાથી વિષ્ટાનું હરણ કર્યું અને તેમને ત્રણ પ્રદક્ષિણા દઈને નમસ્કાર કર્યા. પછી ઈંદ્રે કરેલી પ્રશંસાની વાત કહી અને છેવટે જણાવ્યું કે 'હે મહાભાગ! તમને અમે શું આપીએ?'

પ્રત્યુત્તરમાં નંદિષેણ મુનિએ કહ્યું: 'મેં મહાદુર્લભ ધર્મ પ્રાપ્ત કર્યો છે, તેના કરતાં વિશેષ સારી કોઈ વસ્તુ આ જગત્‌માં નથી કે જેની હું તમારી પાસે માગણી કરું.' આ પ્રમાણે તેમનો ઉત્તર સાંભળીને બંને દેવો સંતુષ્ટ થઈને સ્વર્ગમાં ગયા અને તપસ્વી નંદિષેણ પોતાની વસતિમાં ગયા. ત્યાં અન્ય મુનિઓએ પૂછવાથી જે કંઈ બન્યું હતું, તે બધું તેમણે ગર્વરહિતપણે કહી સંભળાવ્યું.

આ બનાવ પછી મહર્ષિ નંદિષેણે ઘણાં વર્ષો સુધી આકરું તપ કર્યું અને છેવટે અનશન કર્યું, પરંતુ તે વખતે પોતાનું

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દુર્ભાગ્ય યાદ આવ્યું, તેથી નિયાણું બાંધ્યું કે ' આ તપનાં ફલરૂપે હું આવતા ભવમાં રમણીઓને અત્યંત વલ્લભ થાઉં.'

તપના પ્રભાવથી મહર્ષિ નંદિષેણ કાલધર્મ પામીને મહાશુક્ર નામના દેવલોકમાં દેવ થયા અને ત્યાંથી ચ્યવીને ભરતક્ષેત્રમાં શૌરીપુરના રાજા અંધકવૃષ્ણિને ત્યાં દશમા પુત્ર તરીકે ઉત્પન્ન થયા. અંધકવૃષ્ણિના દશ પુત્રોનાં નામો નીચે મુજબ હતાં: (૧) સમુદ્રવિજય (શ્રી અરિષ્ટનેમિ ભગવાનના પિતા), (૨) અક્ષોભ્ય, (૩) સ્તિમિત, (૪) સાગર, (૫) હિમવાન, (૬) અચલ, (૭) ધરણ, (૮) પૂરણ, (૯) અભિચંદ્ર અને (૧૦) વસુદેવ. એટલે મહર્ષિ નંદિષેણનો જીવ વસુદેવ તરીકે ઉત્પન્ન થયો.

વસુદેવ રૂપમાં કામદેવ સમાન હતા અને એક એવા પ્રકારની મોહકતાથી યુક્ત હતા કે કોઈ પણ રમણી તેમને એક જ વાર જોતી કે તે એમની પાછળ મંત્રમુગ્ધ બની જતી અને પાછળ પાછળ ભમવા લાગતી. વસુદેવની આ મોહકતાએ શૌરીપુરમાં ભારે તરખડાટ મચાવ્યો અને એક દિવસ નગરના મહાજને આવીને રાજા સમુદ્રવિજયને (તે વખતે તેઓ રાજ્ય કરતા હતા) એકાંતમાં કહ્યું કે–તમારા લઘુબંધુ વસુદેવના રૂપથી નગરની સર્વ સ્ત્રીઓ અમર્યાદિત થઈ ગઈ છે. જેઓ તેમને એક વાર પણ નજરે જુએ છે તે પરવશ થઈ જાય છે, તો જેઓ તેમને નિત્ય હરતાં-ફરતાં જુએ, તેમનું તો કહેવું જ શું ? આ સાંભળી રાજા સમુદ્રવિજયે કહ્યું કે ' આ વાતની તમે ચિંતા કરશો નહિ. હું તેનો યોગ્ય બંદોબસ્ત કરીશ.' પછી વસુદેવ તેમને પ્રણામ કરવા આવ્યા ત્યારે કહ્યું કે ' હે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કુમાર ! ક્રીડા માટે આખો સમય ફરવાથી તમારું શરીર દુબળું પડી ગયું છે, માટે હવે તમે દિવસે બહાર ન જતાં ઘરમાં જ રહો અને નવીન કલાઓ શીખો તથા જે પ્રથમ શીખ્યા છો તે સંભારો.'

વડીલ બંધુનાં આ વચનો સાંભળીને વસુદેવ તેમ કરવા લાગ્યા અને ઘરમાં રહીને ગીત-નૃત્યાદિક કલાઓમાં દિવસો નિર્ગમન કરવા લાગ્યા.

એક દિવસ ઉત્તમ પ્રકારનું ગંધદ્રવ્ય લઈને કુબ્જા નામની દાસી ત્યાંથી પસાર થતી હતી, તેને વસુદેવે પૂછયું કે 'આ ગંધદ્રવ્ય કોને માટે લઈ જાય છે?' ત્યારે દાસીએ કહ્યું કે- 'આ ગંધદ્રવ્ય રાજા સમુદ્રવિજયને માટે શિવાદેવીએ પોતે મોકલાવ્યું છે.' એ સાંભળીને વસુદેવે કહ્યું કે 'એ મારા કામમાં પણ આવશે' અને તેમાંથી તેમણે ચપટી ભરી, એટલે દાસીએ કહ્યું કે 'આવાં લક્ષણોથી જ તમે ઘરમાં પૂરાયા છો.'

આ શબ્દો સાંભળીને વસુદેવ ચમકયા અને તેમણે દાસીને કહ્યું કે 'ખરી હકીકત શું છે? તે મને નિર્ભયતાથી જણાવ.' પછી દાસીએ બધી હકીકત કહી સંભળાવી. આથી વસુદેવે વિચાર્યું કે 'નગરની સ્ત્રીઓની મારા પર રુચિ કરાવવાને માટે હું નગરમાં ભમું છું, એમ જો રાજા સમુદ્રવિજય માનતા હોય તો મારે અહીં નિવાસ કરવાની જરૂર નથી.' પછી તેમણે કુબ્જાને રજા આપી અને તે જ રાત્રે ગુટિકાના પ્રયોગથી રૂપ બદલીને નગર બહાર નીકળી ગયા. ત્યાં સ્મશાનમાં એક અનાથ મડદાંને બાળી પાસેના સ્તંભ ઉપર એક ચિઠ્ઠી લટકાવી કે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'वसुदेवोऽग्नौ प्रविश्य मृतः-વસુદેવ અગ્નિમાં પ્રવેશ કરીને મરણ પામ્યા છે.' આ સમાચાર સાંભળીને રાજાએ ઘણો શોક કર્યો અને તેમની ઉત્તરક્રિયા કરી.

આ બાજુ દેશાંતરમાં ભમતાં વસુદેવે પોતાના અદ્ભુત રૂપ અને કલા-કૌશલ્યથી બોંતેર હજાર સ્ત્રીઓનું પાણિગ્રહણ કર્યું અને છેવટે રોહિણીના સ્વયંવર વખતે સમુદ્રવિજય વગેરેને મળ્યા. ત્યારબાદ તેઓ દેવકરાજાની પુત્રી દેવકીને પરણ્યા. રોહિણીથી બળદેવ કે બલરામ ઉત્પન્ન થયા અને દેવકીજીએ સાતમા પુત્ર કૃષ્ણને જન્મ આપ્યો, જેઓ અનુક્રમે નવમા બળદેવ ને વાસુદેવ તરીકે પ્રસિદ્ધ થયા.

યાદવવંશની અત્યંત ઉન્નતિ થઈ અને તેમની રાજધાની દ્વારકા સમસ્ત ભારતવર્ષની એક અલબેલી નગરી બની ગઈ. પરંતુ ઉદય ત્યાં અસ્ત, ભરતી ત્યાં ઓટ, ચડતી ત્યાં પડતી એ કુદરતનો કાનૂન છે, એટલે યાદવોની પડતી શરુ થઈ અને તેઓ દારુના વ્યસનમાં ચકચૂર બન્યા. આ વ્યસને કોનાં સાન-ભાન ભૂલાવ્યા નથી ? કોનું અનિષ્ટ કર્યું નથી ? કોની કયા પ્રકારની અધોગતિ કરી નથી ? આ વ્યસનને આધીન બનેલા યાદવોએ એક વાર દ્વૈપાયન નામના તાપસની સતામણી કરી. એટલે રુષ્ટ બનેલા તે તાપસે યાદવો પર વૈર લેવાનો નિશ્ચય કર્યો અને મૃત્યુ પામીને અગ્નિકુમાર નામનો દેવ થયો. પછી પૂર્વભવનું વૈર યાદ કરીને તેણે આખી દ્વારકાને સળગાવી દીધી.

દ્વારકા ભડભડાટ બળવા લાગી. તેનાં મંદિર અને મહેલો કડડભૂસ તૂટવા લાગ્યા. તેના હાટ અને હવેલીઓ આંખના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પલકારામાં જમીનદોસ્ત થવા લાગ્યાં. તે વખતે બળદેવ અને કૃષ્ણે બીજું બધું જતું કરીને પોતાનાં માતાપિતા-રોહિણી, દેવકી અને વસુદેવને બચાવી લેવાનો નિરધાર કર્યો, પણ ભવિતવ્યતા આગળ કોનું-શું ચાલી શકે ? તેઓ એ ત્રણેને રથમાં બેસાડીને, તે રથને જાતે ખેંચતા નગરીના દરવાજા આગળ આવ્યા કે તે રથ જમીનમાં ખૂંચી ગયો છતાં તેઓ હિમ્મત હાર્યા નહિ, પરંતુ તે જ વખતે આકાશમાં રહેલા અગ્નિકુમારે કહ્યું: 'અરે રામ-કૃષ્ણ ! તમને આ શો વ્યામોહ થયો છે ? મેં તમને પૂર્વે કહી દીધું છે કે-યાદવોએ કરેલી ઉદ્ધતાઇના પરિણામે આખી દ્વારકા સળગી ઉઠશે અને તેમાંથી તમારા બે સિવાય કોઇ પણ બચી શકશે નહિ માટે વ્યર્થ પ્રયત્નને છોડી દો.'

આ સાંભળીને વસુદેવ તથા દેવકીજીએ કહ્યું કે 'હે વત્સો ! હવે તમે ચાલ્યા જાઓ. જો તમે બંને જીવતા રહેશો તો આખું યાદવકુળ જીવેલું જ છે. તમે પુરુષાર્થ કરવામાં કંઈ ખામી રાખી નથી, પણ અમારું જ ભાગ્ય વાંકું છે.' આમ છતાં તે બંને ભાઈઓ ત્યાંથી ખસ્યા નહિ, એટલે રોહિણી, દેવકી અને વસુદેવે શ્રી અરિષ્ટનેમિ ભગવાનનું સ્મરણ કર્યું અને ચતુર્વિધ આહારનાં પચ્ચકખાણ કરી અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી ભગવંત-પ્રણીત ધર્મનું શરણ સ્વીકારી નમસ્કાર મંત્રની ગણના શરુ કરી. તે જ વખતે પેલા દુષ્ટ દેવે ઉપરથી આગ વરસાવી અને તે ત્રણે તત્કાળ મૃત્યુ પામી સ્વર્ગે ગયા.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પછી રામ અને કૃષ્ણ નગરીની બહાર નીકળી જીર્ણોદ્યાનમાં ગયા અને ત્યાં ઊભા રહીને બળતી દ્વારકાને જોવા લાગ્યા. છેવટે જરાકુમારના હાથે તૃષાતૂર કૃષ્ણનું મૃત્યુ થયું કહ્યું છે કે-

દાઝી નગરી દ્વારકા, નાઠા બંધવ દોય;
તરસ્યો ત્રિકમ વન મુઓ, માન મ કરશો કોય.

હે જગતના લોકો ! તમે કોઈ પણ પ્રકારનો અહંકાર કરશો નહિ, કારણ કે દ્વારકા જેવી અલબેલી અને સુરક્ષિત નગરી પણ સમય આવ્યે સળગી ઊઠી અને અપૂર્વ રિદ્ધિ-સિદ્ધિના સ્વામી એવા રામ અને કૃષ્ણને પોતાનો જીવ બચાવવા માટે નાસવું પડયું ! વળી જેઓ સમસ્ત વિશ્વમાં વાસુદેવ તરીકે ખ્યાતિ પામ્યા હતા, તેવા કૃષ્ણને વનની અંદર 'પાણી ! પાણી !' કરતાં મરવું પડયું ! !

બલદેવ અનુક્રમે દીક્ષિત થઇ ચારિત્રનું પાલન કરી સ્વર્ગે ગયા.

તાત્પર્ય કે-તપના પ્રભાવથી એક વખતનો નિરાધાર નંદિષેણ અન્ય ભવમાં રમણીવલ્લભ વસુદેવ થયો અને સર્વ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ પામ્યો.

તપના અચિંત્ય પ્રભાવ માટે મહામુનિ વિષ્ણુકુમારનું ચરિત્ર પણ મનન કરવા યોગ્ય છે.

મહામુનિ વિષ્ણુકુમાર

હસ્તિનાપુરના પરાક્રમી રાજા પદ્મોત્તરને જ્વાલા રાણીથી બે પુત્રો ઉત્પન્ન થયા હતા. આ બંને પુત્રો તેજસ્વી, પરાક્રમી અને બુદ્ધિનાં નિધાન હતા તથા કુશલ આચાર્યો પાસેથી

Ac. Gunratnasuri MS   Jin Gun Aradhak Trust

વિવિધ વિદ્યા ગ્રહણ કરીને વિદ્યાવંત તથા કલાવંત પણ થયા હતા. તેમાં મોટાનું નામ વિષ્ણુકુમાર હતું અને નાનાનું નામ મહાપદ્મ હતું.

એક વાર શ્રી મુનિસુવ્રત પ્રભુના હાથે દીક્ષિત થયેલા સુવ્રત નામે આચાર્ય સપરિવાર હસ્તિનાપુર પધાર્યા. તેમની ભવ્ય દેશના સાંભળીને પદ્મત્તર રાજાને સંસાર પરથી વૈરાગ્ય થયો, એટલે મંત્રીમંડળને એકઠું કરીને તેમની સમક્ષ વિષ્ણુકુમારને ગાદી આપવાની તથા પોતે દીક્ષા લેવાની ઈચ્છા પ્રકટ કરી. ત્યારે વિષ્ણુકુમારે કહ્યું કે 'પૂજ્ય પિતાજી! આ રાજ્યથી સર્યું. હું તો તમારી સાથે દીક્ષા લઈને આત્માનું કલ્યાણ કરીશ.' એટલે પદ્મોત્તર રાજાએ મહાપદ્મને કહ્યું: 'હે વત્સ! હવે રાજ્યનો ભાર તું સંભાળ, જેથી અમે સુખપૂર્વક દીક્ષા ગ્રહણ કરીએ.'

મહાપદ્મકુમારે કહ્યું: 'પૂજ્ય પિતાજી! જ્યાં સુધી વડીલ બંધુ વિષ્ણુકુમાર હોય ત્યાં સુધી રાજ્યનો ભાર હું ગ્રહણ કરું તે ઉચિત નથી. આપ એમને જ રાજ્ય સોંપો. હું યુવરાજ તરીકે તેમની સેવામાં સતત હાજર રહીશ.' ત્યારે પદ્મોત્તર રાજાએ કહ્યું કે 'વિષ્ણુકુમાર નિઃસ્પૃહ છે અને તેમને પણ સંસાર પરથી વૈરાગ્ય થયો છે, એટલે મારી સાથે દીક્ષા ગ્રહણ કરવાને ઇચ્છે છે.' આ સાંભળી મહાપદ્મકુમાર વિશેષ કંઇ બોલ્યો નહિ, એટલે તેને સંમત થયેલો માનીને તેનો હસ્તિનાપુરની ગાદી પર અભિષેક કરવામાં આવ્યો. પછી શુભ મુહૂર્તે પદ્મોત્તર રાજાએ તથા વિષ્ણુકુમારે સુવ્રતાચાર્ય આગળ સાધુધર્મની પવિત્ર દીક્ષા ગ્રહણ કરી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કાલક્રમે પદ્મોત્તર મુનિ વ્રતોનું નિરતિચાર પાલન કરવા-વડે કેવલજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા તથા વિષ્ણુકુમાર મુનિ આકરી તપશ્ચર્યા કરવા લાગ્યા.

તપશ્ચર્યાના પ્રભાવથી અનેક પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે કે જેને શાસ્ત્રીય પરિભાષામાં **લબ્ધિ** કહેવામાં આવે છે. વિષ્ણુકુમાર મુનિને આકરી તપશ્ચર્યાના પ્રભાવથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થઈ. જેમ કે તેમના શ્લેષ્મના લવ માત્રથી કદરૂપા કોઢિયાનું શરીર સુવર્ણ જેવું સુંદર થવા લાગ્યું (**શ્લેષ્મૌષધિ લબ્ધિ**). તેમનાં કાન, નેત્ર અને અંગનો મેલ સર્વ રોગને હણનારો અને કસ્તૂરી જેવો સુગંધીદાર જણાવા લાગ્યો. (**જલ્લૌષધિ લબ્ધિ**). તેમના શરીરના સ્પર્શ માત્રથી વિવિધ પ્રકારના રોગીઓ સાજા થવા લાગ્યા (**આમર્ષૌષધિ લબ્ધિ**). તેમના અંગના સ્પર્શથી વરસાદમાં વરસતું અને નદીઓ વગેરેમાં વહેતું જલ સર્વ રોગોનો નાશ કરવા લાગ્યું તથા ગંધહસ્તીના મદની ગંધથી સામાન્ય હસ્તીઓ દૂર ભાગે તેમ તેમના શરીરનો સ્પર્શ પામેલા વાયુથી સર્વ રોગો દૂર ભાગવા લાગ્યા. વળી તેમનાં વચનોનું સ્મરણ કરવાથી મંત્રા-ક્ષરોની જેમ વિષનું વારણ થવા લાગ્યું અને તેમના નખ, કેશ, દાંત અને શરીરથી થયેલું સર્વ કંઈ ઔષધપણાને પ્રાપ્ત થવા લાગ્યું (**સર્વૌષધિ લબ્ધિ**).

વળી તપશ્ચર્યાના પ્રભાવથી વિષ્ણુકુમાર મુનિને–સોયના નાકામાં પણ પ્રવેશ કરી શકે તેવી–**અણુત્વ શક્તિ** અને મેરુ પર્વત જેવડું મોટું શરીર બનાવી શકે તેવી **મહત્ત્વ શક્તિ**

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પ્રાપ્ત થઇ. તે જ રીતે શરીરને પવનથી પણ હલકું બનાવી દે તેવી **લઘુત્વ શક્તિ**, પહાડ જેવું વજનદાર બનાવી દે તેવી **ગુરુત્વ શક્તિ**, પૃથ્વી પર ઊભાં ઊભાં જ મેરુપર્વતના શ્રૃંગને સ્પર્શ કરી શકે તેવી **પ્રાપ્તિ શક્તિ**, ભૂમિમાં પણ જલની જેમ ઉન્મજ્જન-નિમજ્જન કરી શકે તેવી **પ્રાકામ્ય શક્તિ**, ચક્રવર્તી તથા ઇંદ્રની ઋદ્ધિ વિસ્તારી શકે તેવી **ઇશિત્વ શક્તિ** અને ગમે તેવાં ક્રૂર જંતુઓને પણ વશ કરી શકે તેવી **વશિત્વ શક્તિ** પણ પ્રાપ્ત થઇ કે જે **અષ્ટસિદ્ધિ**ના નામથી સર્વત્ર સુપ્રસિદ્ધ છે. તે ઉપરાંત પર્વતના મધ્ય પ્રદેશમાંથી નિઃસંગ ગમન કરી શકે તેવી **અપ્રતિઘાતી શક્તિ**, પવનની પેઠે સર્વ ઠેકાણે અદૃશ્ય રૂપ ધારણ કરી શકે તેવી **અપ્રતિહત અંતર્ધાનશક્તિ**, સમકાલે અનેક રૂપો ધારણ કરી શકે તેવી **કામરૂપત્વ શક્તિ**, એક અર્થરૂપ બીજથી અનેકાર્થરૂપ બીજ જાણી શકે તેવી **બીજ-બુદ્ધિ**, કોઠીમાં રાખેલાં ધાન્યની જેમ પૂર્વે સાંભળેલા અર્થો સ્મરણ કર્યા સિવાય પણ યથાસ્થિત રહે તેવી **કોષ્ટ બુદ્ધિ**, આદિ, મધ્ય કે અંતનું એક પદ સાંભળવામાં આવે કે તરત આખા ગ્રંથનો બોધ થાય તેવી **પદાનુસારિણી લબ્ધિ**, એક વસ્તુનો ઉદ્ધાર કરીને અંતર્મુહૂર્તમાં સમસ્ત શ્રુતસમુદ્રનું અવગાહન કરવાને સમર્થ થાય તેવી **મનોબલી લબ્ધિ**, એક મુહૂર્તમાં મૂળાક્ષર ગણવાની લીલાથી માંડીને સર્વ શાસ્ત્રો ગોખી શકાય તેવી **વાગ્બલી લબ્ધિ**, દુઃખથી પીડાયેલા મનુષ્યોને તેમની વાણી અમૃત, ક્ષીર, મધ અને ઘી જેવી શાંતિ આપી શકે તેવી **અમૃત-ક્ષીર-મધ્વાજ્યાશ્રવી-લબ્ધિ**, પાત્રમાં પડેલું અલ્પ અન્ન પણ દાન કરવાથી ક્ષયને પામે નહિ તેવી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અક્ષીણ મહાનસી લબ્ધિ, એક ઇંદ્રિયના વિષયથી બીજી ઇંદ્રિયોના વિષયને જાણી શકાય એવી **સંભિન્નશ્રોત** લબ્ધિ, એક પગલે રુચક દ્વીપ અને ત્યાંથી વળતાં બીજા પગલે નંદીશ્વર દ્વીપ તથા ત્રીજા પગલે પોતનાં મૂળ-સ્થાને આવી શકે તેવી **જંઘાચારણ લબ્ધિ**, એક પગલે માનુષોત્તર પર્વતે જઇ શકે અને ત્યાંથી બીજા પગલે નંદીશ્વર દ્વીપે આવી શકે તેવી **વિદ્યાચરણ લબ્ધિ**, કોઇ પણ પ્રાણીને શાપ આપીને મારી શકે તેવી **આશીવિષ લબ્ધિ**, અને અનુગ્રહ-નિગ્રહમાં સમર્થ એવી બીજી પણ અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ.

હવે એક વાર સુવ્રતાચાર્ય મુનિમંડલ સાથે વિહાર કરતાં હસ્તિનાપુર પધાર્યા અને શ્રી સંઘની વિજ્ઞપ્તિથી ચાતુર્માસ રહ્યા થકા શાસનોન્નતિનાં અનેક કાર્યો કરવા લાગ્યા. આ વસ્તુ મહાપદ્મના મંત્રી નમુચિથી સહન થઈ શકી નહિ, કેમકે અગાઉ ઉજ્જયિની નગરીમાં તે એમની સાથે ધર્મ સંબંધી વાદ કરતાં હારી ગયો હતો અને રાત્રિના સમયે શસ્ત્રથી મારવા જતાં કોણ જાણે કેમ? પણ સ્થંભી ગયો હતો, જેથી ત્યાંના રાજાએ તેને મંત્રીપદ પરથી દૂર કર્યો હતો. આ નમુચિ હવે અહીં આવ્યો હતો અને નિર્ગ્રંથ મુનિઓ પરનું વેર વાળવાનો લાગ શોધ્યા કરતો હતો. એવામાં સુવ્રતાચાર્ય પોતે જ અહીં આવ્યા અને વિવિધ પ્રકારે જૈનધર્મની ઉન્નતિ કરવા લાગ્યા એટલે અગ્નિમાં ઘીની આહૂતિ જેમ તેના વૈરમાં વૃદ્ધિ થઇ અને તે વૈર વાળવા માટે તેમણે બરાબર લાગ સાધ્યો. કેટલાક સમય પહેલાં **સિંહબળ** નામના એક મદોન્મત્ત રાજાને તેણે વશ કર્યો હતો, તેથી મહાપદ્મ રાજાએ ખુશ થઇને તેને વચન માગવા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કહ્યું હતું, પરંતુ તેણે એ વચન માગી ન લેતાં થાપણ તરીકે રાખી મૂક્યું હતું અને સમય આવ્યે માગી લેવા જણાવ્યું હતું. આ વચનની તેણે રાજા આગળ માગણી કરી ત્યારે વચનબદ્ધ રાજાએ કહ્યું: 'તે વચન ખુશીથી માગી લ્યો.' ત્યારે નમુચિએ કહ્યું: 'હે રાજન્! મારે એક યજ્ઞ કરવો છે. તે યજ્ઞ પૂરો થાય ત્યાં સુધી તમારું રાજ્ય મને સોંપો.' આથી સત્ય પ્રતિજ્ઞાવાળા રાજાએ પોતાનું રાજ્ય તેને સોંપ્યું અને પોતે અંતઃપુરનો આશ્રય લીધો.

નમુચિએ હિંસક યજ્ઞ શરુ કર્યો. આ વખતે રાજ્યના મંત્રીઓ તથા જુદા જુદા ધર્મના આચાર્યો તેનો અભિષેકવિધિ કરવા માટે આવ્યા, પણ નગરમાં રહેલા સુવ્રતાચાર્ય ગયા નહિ તેથી નમુચિએ તેમની આગળ જઈને કૃત્રિમ ક્રોધ કરતાં કહ્યું કે 'જે રાજા હોય તેનો સર્વ ધર્મના સાધુઓ આશ્રય કરે છે. વળી સર્વે તપોવનો રાજાથી રક્ષણીય છે, એવું ધારીને તપસ્વીઓ પોતાનાં તપનો છઠ્ઠો ભાગ રાજાને આપે છે. પણ તમે અધમ પાખંડીઓ મારી નિંદા કરનારા છો, અભિમાન વડે અક્કડ થયેલા છો, મર્યાદાનો લોપ કરનારા છો તથા લોકવિરુદ્ધ અને રાજ્યવિરુદ્ધ વર્તનારા છો, તેથી જણાવવાની ફરજ પડે છે કે–તમારે મારું રાજ્ય છોડીને તાબડતોબ ચાલ્યા જવું; નહિ તો મારે નિરુપાયે તમારો વધ કરવો પડશે.'

સુવ્રતાચાર્ય જૈન મહર્ષિ હતા એટલે ક્ષમાથી છલોછલ ભરેલા હોય તે સ્વાભાવિક છે. તેમણે નમુચિને પ્રત્યુત્તરમાં એટલું જ કહ્યું કે 'તમને અભિષેક કરે ત્યારે આવવાનો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અમારો આચાર નથી, તેથી અમે આવ્યા નથી. બાકી અમે કોઇની નિંદા કરતા નથી.'

આ સાંભળી નમુચિએ કહ્યું: 'આચાર્ય! બસ કરો, મેં તમારો જવાબ સાંભળી લીધો છે. હવે વધારે કંઇ પણ બોલવાની જરૂર નથી. જો તમે અહીં સાત દિવસથી વધારે રહેશો તો રાજાજ્ઞાના ભંગ બદલ તમને ઉચિત શિક્ષા કરવામાં આવશે.' અને તે પોતાના સ્થાને ચાલ્યો ગયો.

અહીં સુવ્રતાચાર્યે પોતાની સાથેના સાધુઓને પૂછયું કે 'હવે આપણે શું કરવું? તે યથામતિ-યથાશક્તિ કહો.' ત્યારે એક સાધુએ કહ્યું કે 'વિષ્ણુકુમાર મુનિએ છ હજાર વર્ષ સુધી તપ કરેલું છે અને તે તપના બળથી તેમને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થયેલી છે. હાલ તેઓ મંદરાચલ (મેરુ) પર્વત પર છે. જો તેઓ અહીં આવે તો શાંતિ થાય, કારણ કે તેઓ મહારાજા પદ્મના મોટા ભાઈ છે, એટલે નમુચિ તેમના વચનનું ઉલ્લંઘન કરી શકશે નહિ. માટે જે સાધુ વિદ્યાલબ્ધિવાળા હોય તે તેમને તેડવાને જાય. શ્રીસંઘના કામમાં લબ્ધિનો ઉપયોગ કરવામાં દોષ નથી.'

આ સાંભળી બીજા સાધુએ કહ્યું 'હું આકાશમાર્ગે મંદરાચલ પર્વત પર જવાને સમર્થ છું, પણ આવવાને સમર્થ નથી, માટે આ કાર્યમાં મારું જે કર્ત્તવ્ય હોય તે મને કહો.' આથી સુવ્રતાચાર્યે કહ્યું: 'તમને વિષ્ણુકુમાર પાછા લાવશે, માટે તેડવાને જાઓ.'

ગુરુની આજ્ઞા થતાં તે સાધુ ક્ષણવારમાં મંદરાચલ પર્વત

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પર ગયા અને મહામુનિ વિષ્ણુકુમારને વંદન કરીને ઊભા રહ્યા. પછી તે મહામુનિએ આગમનનું કારણ પૂછતાં તેણે સઘળી હકીકત કહી સંભળાવી, એટલે કર્ત્તવ્યનો પ્રસંગ ઉપસ્થિત થયેલો જાણીને તેઓ તે સાધુ સાથે ક્ષણવારમાં હસ્તિનાપુરમાં આવ્યા અને પોતાના ગુરુ સુવ્રતાચાર્યને વંદના કરી. સકલ સાધુઓના પરિવાર સાથે નમુચિ આગળ ગયા. ત્યાં સકલ રાજસભાએ શ્રી વિષ્ણુકુમાર મહામુનિને વંદના કરી પણ નમુચિનું માથું નીચું નમ્યું નહિ ! પણ ઉદારચિત્તવાળા મહાત્માઓને એની થોડી જ પડી હોય છે ? તેમણે શાંત અને ગંભીર અવાજે કહ્યું: ' હે બુદ્ધિમાન રાજા ! આવડાં મોટાં નગરમાં અમારા જેવા ભિક્ષુકો ભિક્ષાવૃત્તિથી રહે, તેમાં તમને શી હાનિ છે ? વળી હાલ વર્ષાઋતુના દિવસો ચાલી રહેલા છે, તેમાં મુનિઓને વિહાર કરવો કામનો નથી, માટે બધા મુનિઓ આ નગરમાં ભલે રહે. '

પરંતુ સત્તાના સિંહાસન પર આરૂઢ થયેલા નમુચિએ તેનો સ્વીકાર કર્યો નહિ. જ્યાં વૈરવૃત્તિ જોરશોરથી ઉછળી રહી હોય ત્યાં સદ્‌બુદ્ધિ–સન્મતિ પ્રવેશ જ ક્યાંથી પામી શકે ? મહામુનિ વિષ્ણુકુમારના પ્રત્યુત્તરમાં નમુચિએ કહ્યું. ' આચાર્ય ! વધારે બોલવાથી શું લાભ છે ? મેં તમને એક વાર જણાવી દીધું કે તમારે અંહીંથી સાત દિવસની અંદર ચાલ્યા જવું, અન્યથા તેનાં પરિણામો ભોગવવાને તૈયાર થવું. '

મહામુનિ વિષ્ણુકુમાર અનેક સિદ્ધિલબ્ધિઓના સ્વામી હતા, છતાં એક શ્રમણ હતા અને શ્રમણોચિત ક્ષમાદિ ગુણોના ધારક હતા, એટલે શાંતિથી કહેવા લાગ્યા કે ' હે રાજન્ !

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જો તમને અમારો નગર-નિવાસ કોઇ પણ કારણે રુચતો ન હોય તો અમે નગર બહાર ઉદ્યાનમાં જઇને રહીએ.' એ સાંભળીને નમુચિએ કહ્યું: ' હું તમારો ગંધ પણ સહન કરવાને અશકિતમાન છું, માટે તમે જેમ બને તેમ જલદી અહીંથી ચાલ્યા જાઓ, હવે વધારે લમણાઝીક કરીને મારું માથું પકવશો નહિ.'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું: ' રાજન્! આમ આકળા-ઉતાવળા શા માટે થાઓ છો? તમે રાજ્યસૂત્ર હાથમાં ગ્રહણ કર્યું છે, એટલે ન્યાય અને નીતિનું પાલન કરવાને બંધાયેલા છો. કોઈ પણ નિરપરાધીને દંડ દેવો એ એક ન્યાયી રાજવીને શોભતું નથી. વળી સાધુ મહાત્માઓ સાથે તોછડાઇથી વર્તવું એ પણ રાજ્યની સ્વીકૃત નીતિથી સદંતર વિરુદ્ધ છે.'

આ શબ્દોએ નમુચિને ક્રોધાયમાન બનાવ્યો. તેણે કહ્યું: ' ન્યાય અને નીતિનું મને પૂરેપૂરું ભાન છે. મારું કર્ત્તવ્ય હું બરાબર જાણું છું. એટલે આવી બાબતમાં ઘર-ઘરથી ભિક્ષા માગીને આજીવિકા કરનારાઓ મને શિખામણ આપવાને બહાર આવે તે ચલાવી લેવાને હરગીઝ હું તૈયાર નથી.'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું: ' રાજન્! આવી ઉદ્ધતાઈ શા માટે? હિતની વાત એક બાળક આગળથી પણ ગ્રહણ કરવી એ ન્યાય સુપ્રસિદ્ધ છે. વળી સાધુ-મહાત્માઓ સહુનું હિત ચાહનારા હોય છે. એટલે હિતભાવનાથી જે કંઇ કહે તેના પર શાંત ચિત્તે વિચાર કરવો ઘટે છે.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આ સાંભળીને નમુચિએ કહ્યું: 'તમારે જે કંઇ કહેવું હોય તે ઝટપટ કહી દો, વધારે વાગ્વિડંબનાથી શું ?'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું: 'રાજન્ ! સાધુ-મહાત્માઓને આમ વિના વાંકે હાંકી કાઢવા એ કોઇ પણ રીતે ઉચિત નથી, માટે તેમને રહેવાનું કંઇ પણ સ્થાન આપો.'

નમુચિએ કહ્યું: 'વારુ, તમારો એવો જ આગ્રહ હોય તો હું તમને ત્રણ ડગલાં જમીન રહેવા માટે આપું છું. તેમાં જ તમારે રહેવું. પરંતુ જો કોઇ પણ સાધુ તેની બહાર રહેલો માલૂમ પડશે તો તેનો તરત જ વધ કરવામાં આવશે.'

મહામુનિ વિષ્ણુકુમારે કહ્યું: '**તથાસ્તુ !**' અને તેમણે પોતાનું શરીર વધારવા માંડયું. તે જોતજોતામાં એક તાડ, બે તાડ, ચાર તાડ, આઠ તાડ, અરે ! એક પર્વત જેટલું ઊંચું વધી ગયું અને વિચિત્ર પ્રકારના મુગટ, કુંડલ, માલા, ધનુષ્ય, વજ્ર અને ખડ્ગથી યુક્ત જણાવા લાગ્યું. આ બિહામણું દશ્ય જોઇને સહુ ભયના માર્યા થરથર ધ્રૂજવા લાગ્યા અને 'હવે શું થશે ?' તે વિચારે દિગ્મૂઢ બની ગયા.

આ બધું આંખના પલકારામાં બની ગયું હતું.

મહામુનિ વિષ્ણુકુમારે પોતાના શરીરને વધારવાનું ચાલુ રાખ્યું અને વૈક્રિય લબ્ધિના બળે તેને એક લાખ યોજનના પ્રમાણવાળા મેરુપર્વત જેટલું વધારી દીધું. પછી પોતાનો એક પગ લવણસમુદ્રના પૂર્વ કિનારે અને બીજો પગ પશ્ચિમ કિનારે મૂકીને ઊભા રહ્યા. તાત્પર્ય કે-ત્રીજું પગલું ભરવાની તેમને જરૂર ન હતી.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ભયંકર બનાવે પૃથ્વીમાં પ્રલય મચાવી દીધો. પહાડો ડોલી ઊઠ્યા, સાગરો ઉછળવા લાગ્યા, નદીઓ ઉન્મુખ થઈને વહેવા લાગી, પવન ગાંડોતૂર બનીને ફૂંકાવા લાગ્યો, ખેચરો પટોપટ પટકાવા લાગ્યા, તારાનાં સમૂહો પાકેલાં ફળોની જેમ તૂટવા લાગ્યા અને ઇંદ્રનાં ઇંદ્રાસનો પણ ડોલી ઊઠ્યા.

આ જોઈને ઇંદ્રે દેવાંગનાઓને આજ્ઞા કરી કે–'મહામુનિ વિષ્ણુકુમાર કોપ પામ્યા છે, માટે તમે સર્વજ્ઞનાં કહેલા શાસ્ત્રોનો ભાવ ગાયનમાં ઉતારી તે ગાયન તેમની આગળ ગાઓ અને તેમનો કોપ શાંત કરો. અન્યથા અખિલ વિશ્વ ઘડીકમાં મહાન્ આફતમાં સપડાઈ જશે.' આથી દેવાંગનાઓ ગાંધાર સ્વરે નીચેના ભાવાર્થવાળું ગીત ગાવા લાગી કે–'પ્રાણીઓ કોપથી આ ભવમાં દગ્ધ થાય છે, વારંવાર સ્વાર્થમાં મોહિત થાય છે અને પરભવમાં અનંત દુઃખવાળાં નરકમાં પડે છે.'

નમુચિ પોતાના સિંહાસન પરથી પટકાઇ પડ્યો હતો અને મુખમાંથી લોહી વમી રહ્યો હતો, બીજી બાજુ મહારાજા પદ્મ આવી પડેલી આફતમાંથી ઉગરવા માટે મહામુનિ વિષ્ણુકુમારને ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરી રહ્યા હતાઃ 'હે મહર્ષિ ! હે કરુણાનિધિ ! આપના કોપને શાંત કરો. આ અધમ નમુચિ સાધુઓને સતાવી રહ્યો છે, તેની મને અદ્યાપિપર્યંત ખબર પડી નહિ, તેમ જ કોઈએ મને કહ્યું પણ નહિ, પરંતુ નમુચિ મારો સેવક હોવાથી તે અપરાધ મારો છે; માટે હે પ્રભો ! આપનો કોપ શમાવો અને મારા અપરાધની ક્ષમા આપો.'

દેવો અને દાનવોના રાજાઓ પણ આ જ પ્રમાણે સ્તુતિ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કરી રહ્યા હતા. અને શ્રીસંઘ પણ તેમને શાંત થવાને વિનવી રહ્યો હતો. એ સાંભળીને મહામુનિ વિષ્ણુકુમારે વિચાર કર્યો કે ' શ્રીસંઘ મને માન્ય છે અને મારો ભાઈ તથા સુર-અસુર સર્વ અનુકંપા કરવા યોગ્ય છે. ' એટલે તેમણે પોતાનું સ્વરૂપ સંકોચી લીધું અને થોડી જ વારમાં મૂળ સ્વરૂપમાં આવી ગયા. પછી સંઘના આગ્રહથી તેમણે નમુચિને છોડી દીધો, એટલે રાજાએ તેને નગરની બહાર કાઢી મૂક્યો અને રાજ્ય-ધુરા પોતાના હાથમાં ગ્રહણ કરી.

આ ત્રિપદીથી(ત્રણ પગલાંથી) મહામુનિ વિષ્ણુકુમાર ત્રણ જગત્‌માં **ત્રિવિક્રમ**ની ખ્યાતિ પામ્યા અને ફરી આલોયણ-તપશ્ચર્યા વડે શુદ્ધ થઇને કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. તાત્પર્ય કે-તપનો પ્રભાવ અચિંત્ય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

: ૩ :

તપના પ્રકારો

તપનાં પ્રકારોથી પરિચિત થતાં પહેલાં 'તપ કોને કહેવાય અને તે કેવા હેતુથી કરવું જોઈએ?' તે સ્પષ્ટપણે જાણી લેવાની જરૂર છે. કેટલાકના મતથી વનમાં રહેવું અને કંદ-મૂળનું ભક્ષણ કરવું તે જ તપ છે, તો કેટલાકના મતથી સૂર્યની આતાપના લેવી અને દેહનું કડક દમન કરવું તે જ તપ છે. પણ નિર્ગ્રંથ મહર્ષિઓએ તપની વ્યાખ્યા ઘણી વ્યાપક કરી છે. તે આ રીતેઃ '**ताप्यन्ते रसादिधातवः कर्माणि वा अनेनेति तपः**–જે ક્રિયાવડે શરીરની રસ, રુધિર વગેરે સાત ધાતુઓ અથવા કર્મનો સમૂહ તાપ પામે–શોષણ પામે તેને તપ કહેવાય.' આ તપશ્ચર્યા કરવામાં શરીરની શક્તિનો પણ ખ્યાલ અવશ્ય રાખવો–એવી તપશ્ચર્યા ન થવી જોઈએ કે જે આર્ત્તધ્યાનાદિનું કારણ બને.

આ વ્યાખ્યાની વધારે સ્પષ્ટતા કરવા તેમણે કહ્યું છે કે—

सो अ तवो कायव्वो, जेण मणोऽमंगलं न चिंतेइ ।
जेण न इंदियहाणी, जेण जोगा न हायंति ॥ १ ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'મુમુક્ષુ આત્માએ તેવું જ તપ કરવું કે જેનાથી મન અમંગલનું ચિંતવન કરે નહિ, અર્થાત્ તે આર્ત્તધ્યાન-રૌદ્ર-ધ્યાનમાં ચડી જાય નહિ, જેનાથી ઇદ્રિયોમાં ખોડખાંપણ આવે નહિ અને જેનાથી મન, વચન, કાયાની પ્રવૃત્તિ કરવાની શક્તિ હણાઈ જાય નહિ.'

આ જ વસ્તુ તેમણે બીજા શબ્દોમાં પણ કહી છે.

कायो न केवलमयं परितापनीयो,
मिष्टै रसैर्बहुविधैर्न च लालनीयः ।
चित्तेन्द्रियाणि न चरन्ति यथोत्पथेन,
वश्यानि येन च तदाचरितं जिनानाम् ॥ १ ॥

'આ શરીરને કેવળ પરિતાપ ઉપજાવવો નહિ કે તેનું વિવિધ પ્રકારના મધુર રસોવડે પાલન પણ કરવું નહિ. જિનેશ્વર ભગવંતોએ એવું તપ આચરેલું છે કે જેનાથી ચિત્ત અને ઇન્દ્રિયો ઉન્માર્ગે ન જતાં વશ રહે.'

'તપ કેવા હેતુથી કરવું જોઈએ?' તેના જવાબમાં તેઓ (નિગ્રંથ મહર્ષિઓ) કહે છેઃ

पूजालाभप्रसिद्ध्यर्थं, तपस्तप्यते योऽल्पधीः ।
शोष एव शरीरस्य, न तस्य तपसः फलम् ॥ १ ॥

'જે મંદબુદ્ધિ મનુષ્ય પૂજા, લાભ કે પ્રસિદ્ધિને અર્થે તપ કરે છે તેને તપનું ફલ મળતું નથી, કારણ કે એવું તપ માત્ર શરીરનો શોષ જ છે.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તેમણે મુમુક્ષુ આત્માઓને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે-'नो इहलोगट्ठयाए नो परलोगट्ठयाए नो उभयलोगट्ठयाए नो कीत्तिवन्नसद्दसिलोगट्ठयाए नन्नत्थं निज्जरट्ठयाए-

હે મુમુક્ષુઓ ! તમે કોઈ પણ પ્રકારનું તપ (નાનું કે મોટું) આ લોકના સુખની ઈચ્છાથી નહિ, પરલોકના સુખની ઈચ્છાથી નહિ, ઉભય લોકના સુખની ઈચ્છાથી નહિ, કીર્તિ, મહત્તા કે પ્રશંસાની ઈચ્છાથી નહિ પણ માત્ર કર્મની નિર્જરા કરવાને અર્થે જ કરો.'

મુખ્ય ભેદ.

તપના મુખ્ય ભેદો બે છે: (૧) બાહ્ય અને (૨) અભ્યંતર. તેમાં શરીરની શુદ્ધિ કરનારાં તેમજ અંતરંગ શુદ્ધિમાં સાધનભૂત તપોનો સમાવેશ બાહ્યમાં થાય છે અને આંતરિક શુદ્ધિ કરનારાં તપોનો સમાવેશ અભ્યંતરમાં થાય છે. બંને પ્રકારનાં તપો નિરંતર કરવા યોગ્ય છે. કહ્યું છે કે—

तपांसि तन्याद् द्विविधानि नित्यम्,
मुखे कटून्यायतिसुन्दराणि ।
निघ्नन्ति तान्येव कुकर्मराशिं,
रसायनानीव दुरामयान् यत् ॥ १ ॥

શરૂઆતમાં કડવાં પણ પરિણામે સુંદર એવાં બંને પ્રકારનાં તપો નિત્ય કરવાં, કારણ કે રસાયણ જેમ દુષ્ટ રોગોનો નાશ કરે છે, તેમ એ તપો કુકર્મના ઢગલાનો-પાપસમૂહનો નાશ કરે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'બાહ્યતપ કેટલા પ્રકારનું હોય છે?' એનો ઉત્તર એ છે કે-

अणसणमूणोअरिओ, वित्तीसंखेवणं रसच्चाओ ।
कायकिलेसो संलीणया य, बज्झो तवो होइ ॥ १ ॥

બાહ્યતપ, (૧) અનશન, (૨) ઊનોદરિકા, (૩) વૃત્તિ-સંક્ષેપ, (૪) રસત્યાગ, (૫) કાયક્લેશ અને (૬) સંલીનતા એ છ પ્રકારનું હોય છે.

'અભ્યંતરતપ કેટલા પ્રકારનું હોય છે?' એનો ઉત્તર એ છે કે-

पायच्छित्तं विणओ, वेयावच्चं तहेव सज्झाओ ।
झाणं उस्सग्गो वि अ, अब्भिंतरओ तवो होइ ॥ १ ॥

અભ્યંતરતપ (૧) પ્રાયશ્ચિત્ત, (૨) વિનય, (૩) વૈયાવૃત્ત્ય, (૪) સ્વાધ્યાય, (૫) ધ્યાન અને (૬) ઉત્સર્ગ એ છ પ્રકારનું હોય છે.

આ બારે પ્રકારનાં તપો કર્મની નિર્જરા કરવામાં કારણભૂત હોઇને તેનો વિસ્તારથી વિચાર કરીશું.

(૧) અનશન.

શરીરનાં ધારણ-પોષણ માટે ગ્રહણ કરવામાં આવતો આહાર ચાર પ્રકારનો છેઃ (૧) અશનરૂપ, (૨) પાનરૂપ, (૩) ખાદિમરૂપ અને (૪) સ્વાદિમરૂમ. તેમાં રોટલી, પુરી, ભાત, દરેક પ્રકારની મીઠાઈઓ વગેરે કે જે વસ્તુઓવડે ક્ષુધાનું પૂરું શમન થઇ શકે છે, તેને **અશન** કહેવાય છે, પાણીને **પાન** કહેવાય છે, કંઇક અંશે ક્ષુધાની તૃપ્તિ કરી શકે તેવાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ફૂલ-ફલાદિ તથા મેવા પ્રમુખ વસ્તુઓને **ખાદિમ** કહેવાય છે અને લવીંગ, એલચી, તાંબૂલ વગેરે મુખશુદ્ધિ કરનારાં દ્રવ્યોને **સ્વાદિમ** કહેવાય છે. આ ચાર પ્રકારના આહારો પૈકી ચારે પ્રકારના આહારોનો ત્યાગ કરવો તેને ચઉવિહારું-ચોવિહારું (ચાર પ્રકારના આહાર ત્યાગવાળું) અનશન (અણુસણ) કહેવાય છે અને પાન સિવાયના બીજા ત્રણ પ્રકારના આહારોનો ત્યાગ કરવો તેને તિવિહારું (ત્રણ પ્રકારના આહાર ત્યાગવાળું) અનશન કહેવાય છે.

આવું અનશન બે પ્રકારે થાય છે: (૧) **ઇત્વરકાલિક** એટલે થોડા સમય માટે અને (૨) **યાવત્કથિક** એટલે જીવન પર્યંત. તેમાં ઇત્વરકાલિક અનશનને સામાન્યરૂપે ઉપવાસ કહેવામાં આવે છે અને યાવત્કથિકને અનશન કે સંથારો કહેવામાં આવે છે.

શાસ્ત્રીય પરિભાષામાં એક ઉપવાસને ચઉત્થભત્ત (ચતુર્થ-ભક્ત), બે ઉપવાસને છઠ્ઠભત્ત-છઠ્ઠ, ત્રણ ઉપવાસને અઠ્ઠમ, પંદર ઉપવાસને પક્ષ (પાસ) ક્ષમણ અને ત્રીશ ઉપવાસને માસક્ષમણ કહેવામાં આવે છે.

પ્રભુ મહાવીરદેવના શાસનમાં વધારેમાં વધારે ઉપવાસ કરવાની છ માસની મર્યાદા છે, કે જે રીતે શ્રમણ ભગવાન મહાવીરે તથા બીજા તપસ્વીઓએ કરેલા છે. પોતાનાં ભારે કર્મો ખપાવવા માટે શ્રમણ ભગવાન મહાવીરે સાધનાકાળના ૧૨ વર્ષ, ૬ માસ અને ૧૫ દિવસમાં એટલે કે ૪૫૧૫ દિવસ-માં ૪૨૩૪ ઉપવાસ કર્યા હતા, જેની યાદી નીચે મુજબ છે:

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તપનું નામ	સંખ્યા	તપના ઉપવાસ	કુલ ઉપવાસ
છ માસી	૧	૧૮૦	૧૮૦
છ માસી-ઓછા પાંચ દિવસની	૧	૧૭૫	૧૭૫
ચૌમાસી	૯	૧૨૦	૧૦૮૦
ત્રણ માસી	૨	૯૦	૧૮૦
અઢીમાસી	૨	૭૫	૧૫૦
બે માસી	૬	૬૦	૩૬૦
દોઢમાસી	૨	૪૫	૯૦
માસક્ષમણ	૧૨	૩૦	૩૬૦
પક્ષક્ષમણ	૧૫	૭૨	૧૦૮૦
અઠ્ઠમ [પ્રતિમાનો]	૧૨	૩	૩૬
છઠ્ઠ	૨૨૯	૨	૪૫૮
સર્વતોભદ્રપ્રતિમા	૧	૧૦	૧૦
મહાભદ્રપ્રતિમા	૧	૪	૪
ભદ્રપ્રતિમા	૧	૨	૨
		કુલ ઉપવાસ	૪૧૬૫

તપ કરવાની સામાન્ય રીત એવી છે કે તપના દિવસે

(૧) બ્રહ્મચર્યનું પાલન કરવું.

(૨) વાણી પર સંયમ રાખવો.

(૩) અમુક વખત સુધી મૌન રાખવું.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૪) અમુક સમય ધ્યાનમાં (કાયોત્સર્ગમાં) ગાળવો અથવા અમુક નવકારવાળીઓ ફેરવવી.

(૫) અમુક સમય સ્વાધ્યાયમાં એટલે ધાર્મિક પુસ્તકોનાં વાચનમાં ગાળવો.

(૬) ક્રોધ, માન, માયા અને લોભનો બને તેટલો ત્યાગ કરવો.

(૭) સવાર-સાંજ આવશ્યક ક્રિયા (પ્રતિક્રમણ) કરવી.

(૮) દેવગુરુની ભક્તિ કરવી.

એટલે ઉપવાસ કરનારે આ બધાં કાર્યો યથાશક્તિ કરવાં ઘટે છે.

ઉપવાસનો મુખ્ય લાભ આત્મશુદ્ધિ છે, કારણ કે તેનાથી વિષય-વિકારો ઘટે છે અને મનની વૃત્તિઓ શાંત થતાં સ્વાધ્યાય-ધ્યાન વગેરે ઉત્તમ પ્રકારે થઈ શકે છે. વળી ખાવા-પીવાની ખટપટ ટળી જતાં ધર્મારાધન માટે સમય પણ સારા પ્રમાણમાં મળી રહે છે.

ઉપવાસથી અન્ય લાભો શું થાય છે? તે પણ જાણવા જેવું છે.

બરનાર મેકફેડન નામનો જાણીતો અમેરિકન લેખક કહે છે કે 'શરીરમાં ઉત્પન્ન થતાં વિષો તેની અંદર લાંબો વખત રહેવાથી અનેક બિમારીઓ લાગુ પડે છે. તેવાં શારીરિક વિષોને બહાર ખેંચી કહાડવા માટેનો સર્વોત્તમ ઇલાજ તે ઉપવાસ છે.

જ્યારે તમે દર્દથી પીડાતા હો ત્યારે ખોરાક લઈ તમારી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

હોજરીને તકલીફ આપવી, એ ખરેખર એક ગુનો જ છે. આ વાત ખોટી છે, એમ પુરવાર કરવા માટે કોઈ પણ ડૉકટર અથવા વિજ્ઞાનશાસ્ત્રીને ખુલ્લો પડકાર કરું છું.

બધાં દર્દો જાતજાતનાં ચિહ્નો છે. તેનો અભ્યાસ કરો અને જેવાં તે ચિહ્નો નજરે પડે કે તરત જ ઉપવાસ ચાલુ કરો, આ એક ઉપાયથી તમારા પર ધસી આવતાં અનેક દર્દોને તમે ખાતરીથી અટકાવી શકશો.

હવે તો ૪૦ થી ૫૦ દિવસના ઉપવાસ કરવાનું અમેરિકામાં સાધારણ થઈ પડયું છે; અને જેમણે એટલા ઉપવાસો કર્યા છે તેઓને હું મળ્યો છું. લાંબામાં લાંબો ઉપવાસ જે મેં સાંભળ્યો છે, તે ૭૦ દિવસનો હતો. જો કે અજાયબ જેવું લાગશે, પણ ઉપવાસ એ જ અશક્તિ અને ખાઉધરાપણાથી થતાં દર્દોને સાજા કરવાનો ઇલાજ છે. એક પૂર્ણ ઉપવાસ કર્યા પછી શરીર પોતાની મેળે પોતાના ખરા નમૂનેદાર વજનને મેળવે છે.'

અમેરિકાનો પ્રસિદ્ધ તબીબી લેખક **મી. સીંકલેર** જણાવે છે કે 'મારું કુદરતી મજબૂત શરીર બેકાયદેસર ખોરાક ખાવાથી ભાંગી પડયું હતું. હું કદી દારૂ પીતો ન હતો અથવા ચા કે કૉફી પણ લેતો ન હતો અને એક ચુસ્ત અન્નફળ-શાકાહારી હતો; પણ ઘણું ખાવાથી તેમજ વખતસર ન ખાવાથી મને અજીર્ણનો રોગ થઈ આવ્યો અને તે પછી મને તરેહ-તરેહનાં દર્દો થવા લાગ્યાં. અંતે જ્યારે દૂધ પણ મને પાચન થઇ શકયું નહિ ત્યારે મેં ઉપવાસના ઇલાજથી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

તપાસ લેવાનો વિચાર કર્યો. પહેલા ચાર દિવસનો મારો અનુભવ નીચે મુજબ છેઃ—

પહેલે દિવસે મને અતિશય ભૂખ લાગી. તે અકુદરતી આગના જેવી હતી, જેને દરેક અજીર્ણથી પીડાતો માણસ પીછાને છે. બીજી સવારે મને થોડીક જ ભૂખ લાગી અને તે પછી મારી મોટી અજાયબી વચ્ચે મેં જોયું કે મને ભૂખ લાગી જ નહિ, અને કોઇ પણ જાતનો ખોરાક જાણે મેં કદિ પણ લીધો જ ન હોય તેમ ખોરાક પર અરુચિ જ થઈ ગઇ.

ઉપવાસ પહેલાં મારું માથું બે-ત્રણ અઠવાડિયાં સુધી ચાલુ દુંખ્યા કરતું હતું તે ઉપવાસના માત્ર પહેલા જ દિવસે દુઃખ્યું કે જે પછી પાછું દુખ્યું જ નથી.

બીજે દિવસે મને ઘણી નબળાઈ થઈ હોય એમ લાગ્યું અને ઉઠતાં સહેજ ચકરી આવે તેવું થયું, પરંતુ હું ઘરમાંથી બહાર ગયો અને આખો દિવસ સૂર્યપ્રકાશમાં બેસીને વાંચવામાં કાઢયો. એવી જ રીતે ત્રીજા અને ચોથા દિવસ સુધી જાણે શરીર લૂલું થઇ ગયું હોય તેમ મને લાગ્યું, પરંતુ તે જ વેળા મારા મનની શક્તિ વધી હોય તેવો અનુભવ થયો. પાંચમા દિવસ પછી મને શક્તિ આવવા માંડી અને શરીરમાં કંઈક મજબૂતાઇ થઇ, એટલે ચાલીને લાંબું ચક્કર કાપ્યું અને લખવાનું કામ પણ શરૂ કર્યું. એ અનુભવમાં મને જે વધુ અજાયબી લાગી તે મારા મનની ચપળતા સંબંધી હતી; કારણ કે ઘણાં વર્ષો દરમિયાન મેં કોઇ પણ વેળાએ વાંચ્યું, લખ્યું હોય તેના કરતાં વધુ મગજનું કાર્ય આ દિવસોમાં હું કરી શકયો હતો.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

પહેલા ચાર દિવસમાં મારું વજન ૧૫ રતલ ઘટયું, પણ તેનું કારણ વિચારતાં મને પછવાડે માલમ પડયું કે મારા શરીરના સ્નાયુભાગો ઘણા જ નબળી હાલતમાં આવી ગયેલા હતા, તેથી મારું શરીર વજનમાં એટલું બધું ઘટી ગયું. તે પછી આઠ દિવસમાં માત્ર બે રતલ જ વજન ઘટયું કે જે અસાધારણ બનાવ કહેવાય. ઉપવાસના બધા દિવસોમાં હું સારી રીતે ઉંઘ્યો હતો. દરરોજ બપોરના મને નબળાઈ લાગતી પણ માત્ર ચંપી કરાવ્યાથી અને ઠંડા પાણીએ સ્નાન કરવાથી પાછી તાજગી જણાતી.

અગિયાર દિવસ સુધી મેં પાણી સિવાય બીજું કંઇ પણ ન લીધું. તેમાં છેલ્લા દિવસે જણાયું કે ચાલતાં મને થાક ચડે છે અને સૂઈ રહેવાનું મને પસંદ ન હતું, એટલે બારમે દિવસે નારંગીનો રસ પીને ઉપવાસનું પારણું કર્યું. પછીના બે દિવસ મેં માત્ર નારંગીના રસ ઉપર જ કાઢયા અને પછી દૂધનો ખોરાક લેવાનું શરૂ કર્યું. પહેલા દિવસે દર કલાકે અકેક પ્યાલો ગરમ દૂધ પીવા લાગ્યો. બીજે દિવસે દર પોણા કલાકે પીધું, અને તે પછી અર્ધા કલાકે લીધું, એટલે બધું મળીને દિવસની અંદર બાર બાટલી (આઠ કવાર્ટસ) દૂધ લીધું. એ જો કે શરીર જીરવી શકે તેના કરતાં વધુ ગણાય ખરૂં, પણ એ વધારાનો પ્રવાહી જથ્થો અંદરનાં અવયવોને ધોઇને સાફ કરે છે. મારા પોતાના દાખલામાં, હું એક દિવસમાં સાડાચાર રતલ વધ્યો કે જે ઉપવાસ પછીનો ત્રીજો દિવસ હતો. તે પછી ચોવીસ દિવસમાં બત્રીસ રતલ વધ્યો.

આ એક ઉપવાસથી મારામાં એક અસાધારણ શાંતિ થઇ,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જાણે કે શરીરનો દરેક થાકી ગયેલો તંતુ નિરાંત ભોગવતો હોય એવું મને લાગ્યું. આ ઉપવાસથી મારામાં બીજો ફેરફાર એ થયો કે મારા મનમાં તીક્ષ્ણ ચપળતા આવી. હું લખવા–વાંચવાનું કંઇ ને કંઇ કામ નિરંતર ચાલુ રાખવામાં જ આનંદ પામતો અને છેવટે શારીરિક શ્રમવાળું કોઈ પણ કામ કર્યા કરવાને મનમાં ઉત્સાહ થયા કરતો.

હજી મેં એક પૂર્ણ તપસ્યા કરી ન હતી, એટલે કે જ્યાંસુધી આપોઆપ ભૂખ લાગે ત્યાંસુધી મેં ઉપવાસ ચાલુ રાખ્યો નહતો (માત્ર પગ દુખવા લાગ્યા, તેથી જ તે છોડી દીધી હતી), માટે હવે મેં બીજી તપસ્યા કરવાનું શરૂ કર્યું. આ વેળા મેં નાની તપસ્યા જ કરવા ધાર્યું હતું, પણ ભૂખ બિલકુલ જતી રહી અને મારી અજાયબી વચ્ચે મેં જોયું કે આગળના જેવી નબળાઈ આ વેળા મને જરાપણ લાગી નહિ. હું રોજ ઠંડા પાણીએ બે વાર સ્નાન કરતો અને ખૂબ ઘસી ઘસીને અંગ લૂછી નાખતો. દર સવારે ચાર માઈલ ચાલતો અને તે પછી થોડીક હલકી કસરત કરતો અને તે વેળા હું ઉપવાસ કરું છું અથવા ખોરાક લેતો નથી એવો ખ્યાલ મુદ્દલ આવતો નહિ.

આ વખતે આઠ દિવસમાં હું નવ રતલ ઓછો થયો અને પછી આઠ દિવસ મેં નારંગી અને અંજીર ઉપર કાઢ્યા અને મારું વજન એથી જ મેળવ્યું, અને કદિ માથું દુખવાની ફરિયાદ કરવી પડી નહતી, હું ઉઘાડે માથે વરસાદમાં બહાર જતો અને ઠંડો પવન ફુંકાય તો એ હવામાં બેસતો. ઠંડી તો જાણે મને કંઇ અસર કરી શકતી ન હતી અને સહુથી વધુ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

રસપ્રદ વાત તો એ હતી કે જાણે મારા શરીરમાં શક્તિ ભરાઈ ગઈ હતી, જેથી હું એક મિનિટ પણ કંઈ કર્યા વિના રહી શકતો નહિ. તરેહવાર ચપળતા મારા શરીરમાં ઉભરાઈ નીકળી.

આ તપસ્યાથી મી. સીંકલેરના અજીર્ણથી થયેલા નબળા દેખાવો દૂર થયા હતા અને મુખ ઉપર ગુલાબી રંગ આવી તે ગલગોટા જેવું બની ગયું હતું.

મી. કારનેજીએ નવ ક્રોડ રૂપિયાની સખાવત કરી વોશિંગ્ટન શહેરમાં એક વૈજ્ઞાનિક **પ્રયોગશાળા** સ્થાપેલી છે. આ પ્રયોગશાળામાં ઉપવાસ અંગે કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા હતા, જેના પરિણામે એવું નક્કી થયું છે કે 'કોઈ પણ સાધારણ માણસ, બેથી સાત દિવસ સુધી બિલકુલ ખોરાક વિના માત્ર પાણી ઉપર રહી શકે છે અને તેથી તેને ખાસ નુકશાન કે ઈજા થતી નથી. ઉપવાસ કરતાં તે માણસ દરેક દિવસે એક રતલ વજન ગુમાવે છે, પણ પારણું કર્યા પછી એટલે કે પાછો ખોરાક લેવાનું શરૂ કર્યા પછી, ગુમાવેલાં વજન કરતાં બમણું વજન પાછું મેળવે છે અને તે કાર્ય ઘણી જ ઝડપથી થાય છે.'

અમેરિકામાં પ્રગટ થતા '**ધી એનલ્સ ઓફ સાઇકિકલ સાયન્સ**' નામના માનસશાસ્ત્રને લગતા એક પત્રમાં કેટલાક વર્ષ ઉપર એક જાણવાજોગ લેખ બહાર પડ્યો હતો. તેમાં જણાવ્યું હતું કે 'વરાળ યંત્રની માફક મનુષ્ય શરીર પણ ખોરાકમાંથી શક્તિ મેળવે છે, એવી લાંબા વખતથી ચાલી આવતી માન્યતા ખોટી છે,' તે માટે તેમાં એવી દલીલ કરવામાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આવી હતી કે ‘ જો ખોરાકમાંથી શકિત મળતી હોત તો ગયેલી શકિત પાછી મેળવવાને માટે આપણે કસરતશાળામાં નહિ, પણ ભોજનશાળામાં જાત કે જેથી ઘણો ખોરાક પેટમાં જાય અને તાકાત આવે. પણ તેમ થતું જોવામાં આવતું નથી. આપણે જ્યારે થાકયાપાકયા હોઇએ છીએ ત્યારે ભોજન-ગૃહમાં નહિ પણ શયનગૃહમાં જઈએ છીએ, કે જેથી શકિતઓ પાછી મેળવી શકીએ. આપણે ગમે તેટલો ખોરાક લીધો હોય અને ગમે તેટલી મહેનત કે કસરતવડે તેને પચાવવાનો પ્રયત્ન કર્યો હોય, તો પણ, એવો વખત જરૂર જ આવે છે કે જ્યારે આપણે આરામ લેવો જ જોઇએ, ઊંઘવું જોઈએ. ’

આપણે દરેક જાણીએ છીએ કે દિવસની મહેનત પછી થાકયા–પાકયા આવીને તરત જ ખાવા બેસી જવું એ વૈદ્યક શાસ્ત્રના સિદ્ધ નિયમોથી વિરુદ્ધ છે. આવા વખતે સાદી આનંદી કસરત ફાયદો કરે છે, મતલબ કે વિશેષ શકિત પ્રાપ્ત કરવાને માટે ખોરાક લેવો જરૂરનો નથી, પણ આરામ અને ઊંઘ લેવા જરૂરનાં છે, મનુષ્ય–શરીર અને વરાળયંત્રમાં આ જ તફાવત છે. મનુષ્ય–શરીર પોતાની મેળે ઘસારાનો ખાડો પૂરે છે, જ્યારે વરાળયંત્ર તેમ કરી શકતું નથી. ’

ડૉ. ડેવી કહે છે કે ‘ બિમાર આદમીના પેટમાંથી ખોરાક લઇ લ્યો, એટલે તમે એ બિમારને નહિ પણ બિમારીને ભૂખે મારનારા ગણાશો. ’

તાત્પર્ય કે ઉપવાસથી દરેક પ્રકારની બિમારીને હઠાવી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

શકાય છે, ગયેલી શક્તિ પાછી મેળવી શકાય છે તથા માનસિક તાજગી અને તાકાતમાં ઘણો વધારો કરી શકાય છે.

એ વાત સાચી છે કે આધ્યાત્મિક લાભોની તુલનામાં આ લાભો કંઇ વિસાતમાં નથી, પરંતુ આ દાખલાઓ અહીં એટલા માટે રજૂ કરવામાં આવ્યા છે કે જે મનુષ્યો ઉપવાસથી ભડકે છે અને થોડાક ઉપવાસ કરતાં કંઇનું કંઈ થઈ જશે એમ માની બેઠા છે, તેમનો એ ભ્રમ ટળી જાય અને તેઓ ઉપવાસ જેવા એક અતિ ઉત્તમ તપનો આશ્રય લેવાને તત્પર થાય.

આપણા મહર્ષિઓએ પર્વ દિવસોમાં પોષધોપવાસ કરવાની યોજના કરેલી છે. આ યોજનામાં કહેલું વૈજ્ઞાનિક તથ્ય છે, તેનો ખ્યાલ પણ આ દાખલાઓ પરથી આવી શકશે.

ચતુર્દશી કે એકાદશી જેવા પર્વના દિવસોમાં ફક્ત પાણી સિવાય ત્રણે આહારનો સર્વથા ત્યાગરૂપ ઉપવાસ કરવામાં આવે તો પંદર દિવસનો શરીરમાં ભેગો થયેલો કચરો નાશ પામી જાય છે અને શરીર સ્વચ્છ બને છે. મીલોના મશીનોને પણ અઠવાડીએ એક રજા મળે છે તો આપણી હોજરીને પંદર દિવસે એક રજા તો હોવી જોઇએ ને!

(૨) ઊનોદરિકા તપ

આહારના પ્રમાણ માટે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

बत्तीसं किर कवला, आहारो कुच्छि-पूरओ भणिओ।
पुरिसस्स महिलिआए, अट्ठावीसं हवे कवला ॥ १ ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

कवलाण व परिमाणं, कुक्कडि-अंडय-पमाणमेत्तं तु ।
जो वा अविगिअ-वयणो, वयणम्मि छुहेज्ज वीसत्थो ॥ २ ॥

પેટ ભરવા માટે પુરુષનો આહાર બત્રીશ કોળિયા જેટલો અને સ્ત્રીનો આહાર અઠ્ઠાવીસ કોળિયા જેટલો કહેલો છે, તેમાં એક કોળિયાનું પ્રમાણ કૂકડીના ઇંડાં જેટલું સમજવું અથવા મોઢું ખાસ પહોળું કર્યા સિવાય માણસ સરળતાથી જેટલું મોઢામાં મૂકી શકે તેટલું સમજવું.

આ પ્રમાણથી ઓછું ખાવું તેને ઊનોદરિકા તપ કહેવાય છે. અહીં એવો પ્રશ્ન ઉઠવાનો સંભવ છે કે 'થોડું ઓછું જમવું તેને તપ કેમ કહેવાય ?' એનો ઉત્તર એ છે કે– 'પ્રમાણ કરતાં થોડું ઓછું જમવું એમાં એક પ્રકારની તિતિક્ષા છે, તેથી તે તપ કહેવાય છે. સામાન્ય રીતે મનુષ્યો જમવા બેઠા કે તૃપ્ત થાય તેટલું ખાય છે અને કોઇ કોઇ વાર ભોજનની સમાપ્તિ થઇ ગઇ હોય છતાં કોઇ સ્વાદિષ્ટ વાની આવી પડે તો તરત જ તેના પર હાથ અજમાવવા લાગી જાય છે ! આ જાતની વૃત્તિ પર કાબૂ મેળવવો તે ઊનોદરિકા તપનો ખાસ હેતુ છે.'

ઠાંસીને જમવાથી મગજ પર લોહીનું દબાણ વિશેષ થાય છે. પરિણામે સ્ફૂર્તિનો નાશ થાય છે તથા આળસ અને ઊંઘ આવવા માંડે છે. વળી ઠાંસીને જમવાથી શરીરમાં મેદનું પ્રમાણ વધે છે અને રાત્રિના સમયે સ્વપ્નદોષ પણ થાય છે. આ કારણથી પરમ જ્ઞાનીઓએ બ્રહ્મચર્યના રક્ષણની આઠમી વાડમાં 'अतिमात्राऽभोगः–પ્રમાણથી અધિક આહાર કરવો નહિ,'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

એવો નિયમ દાખલ કરેલો છે. તાત્પર્ય કે-જેને સ્વાધ્યાયમાં રત રહેવું છે, ધ્યાનમાં મગ્ન થવું છે, બ્રહ્મચર્ય પાલનમાં કુશલ બનવું છે અને નિરંતર આધ્યાત્મિક પ્રગતિ કરવી છે, તેણે હમેશાં ઊનોદરિકા કરવી જોઇએ.

ઊનોદરિકા તપ પાંચ પ્રકારે થાય છે, તે આ રીતે (૧) અલ્પાહારા, (૨) અપાર્ધા, (૩) દ્વિભાગા, (૪) પ્રાપ્તા અને (૫) દેશોના કે કિંચિદૂના. તેમાં પુરુષે એકથી આઠ કોળિયા સુધીનો અને સ્ત્રીએ એકથી સાત કોળિયા સુધીનો આહાર કરવો તે **અલ્પાહારા** કહેવાય છે. પુરુષે નવથી બાર કોળિયા સુધીનો અને સ્ત્રીએ આઠથી અગિયાર કોળિયા સુધીનો આહાર કરવો તે **અપાર્ધા** કહેવાય છે; પુરુષે તેરથી સોળ કોળિયા સુધીનો અને સ્ત્રીએ બારથી ચૌદ કોળિયા સુધીનો આહાર કરવો તે **દ્વિભાગા** કહેવાય છે; પુરુષે સત્તરથી ચોવીશ કોળિયા સુધીનો અને સ્ત્રીએ પંદરથી એકવીશ કોળિયા સુધીનો આહાર કરવો તે **પ્રાપ્તા** કહેવાય છે; અને પુરુષે પચીશથી એકત્રીશ કોળિયા સુધીનો તથા સ્ત્રીએ બાવીશથી સત્તાવીશ કોળિયા સુધીનો આહાર કરવો તે દેશોના કે **કિંચિદૂના** કહેવાય છે.

જૈનાગમોમાં ભાવ-ઊનોદરિકાનું પણ વર્ણન કરેલું છે. તે આ પ્રમાણેઃ—

कोहाइ अणुदिणं चाओ जिणवयण भावणाउ अ ।
भावोणोदरिया वि हु पन्नत्ता वीयरायेहिं ॥

ક્રોધાદિકનો નિરંતર ત્યાગ કરવો અને જિનવચનનું મનન-પરિશીલન કરવું તેને વીતરાગોએ ભાવ-ઊનોદરિકા કહી છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૩) વૃત્તિસંક્ષેપ.

જેનાથી જીવતું રહેવાય તેને વૃત્તિ કહેવાય છે. તેમાં ભોજન, જલ વગેરેનો સમાવેશ થાય છે. આ વૃત્તિનો (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાલ અને (૪) ભાવથી સંક્ષેપ કરવો–સંકોચ કરવો તે વૃત્તિસંક્ષેપ, તેને અભિગ્રહ પણ કહેવાય છે.

સાધુ મહાત્માઓ આ તપ નીચે મુજબ કરે છે.

(૧) **દ્રવ્ય સંક્ષેપ**–અમુક જાતની ભિક્ષા મળે તો જ લેવી.

(૨) **ક્ષેત્ર સંક્ષેપ**–એક, બે કે અમુક ઘરમાંથી ભિક્ષા મળે તો જ લેવી.

(૩) **કાલ સંક્ષેપ**–દિવસના પ્રથમ પહોરમાં કે મધ્યાહ્ન પછી ભિક્ષા મળે તો જ લેવી. (ગોચરી મધ્યાહ્ન કાળે થાય છે, તે અપેક્ષાએ આ કાલ સંક્ષેપ છે.)

(૪) **ભાવ સંક્ષેપ**–અમુક સ્થિતિમાં રહેલી વ્યક્તિ દ્વારા મળે તો જ ભિક્ષા ગ્રહણ કરવી.

આ પ્રકારના અભિગ્રહથી ઉગ્ર તિતિક્ષા થાય છે અને સ્વાભાવિક રીતે જ તપશ્ચર્યા થાય છે. શ્રમણ ભગવાન મહાવીર દેવ અનેક પ્રકારનો અભિગ્રહ ધારણ કરતા હતા અને આત્માની કસોટી કરતા હતા. તેમાં એક વાર તેમણે દશ બોલનો અતિ ઉગ્ર અભિગ્રહ નીચે મુજબ ધારણ કર્યો હતો—

(૧) દ્રવ્ય સંક્ષેપ: સૂપડામાં [૧] અડદના બાકળા [૨] હોય;

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૨) ક્ષેત્ર સંક્ષેપઃ વહોરાવનારનો એક પગ ઊંબરાની અંદર હોય અને બીજો પગ બહાર હોય,[૩]

(૩) કાળ સંક્ષેપઃ બધા ભિક્ષુઓ ભિક્ષાચરી કરી ગયેલા હોય.[૪]

(૪) ભાવ સંક્ષેપઃ રાજપુત્રી[૫] દાસીપણાને પામેલી હોય,[૬] માથું મૂંડાવેલું હોય,[૭] પગમાં લોખંડની બેડી હોય,[૮] અઠ્ઠમની તપશ્ચર્યાવાળી હોય,[૯] અને આંખમાં આંસુ હોય,[૧૦] તે વહોરાવે તો જ ભિક્ષા લેવી.

તેમનો આ અભિગ્રહ પાંચ માસ અને પચીસ દિવસના ઉપવાસ પછી કૌસાંબી નગરીમાં ચંદનબાળાદ્વારા પૂર્ણ થયો હતો.

ગૃહસ્થો આ તપ ઓછામાં ઓછી અથવા અમુક જ વાનીથી ચલાવી લેવું એવો નિશ્ચય કરીને કરી શકે છે. જીવનની જરૂરીઆતો બને તેટલી ઘટાડીને સાદું, સંયમી અને તંદુરસ્ત જીવન ગાળવું, તે પણ વૃત્તિસંક્ષેપનો જ એક પ્રકાર છે.

(૪) રસત્યાગ.

જેનાથી શરીરની ધાતુઓ વિશેષ પુષ્ટ થાય છે, તેને રસ કહેવામાં આવે છે. જેમકે દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, સાકર, પકવાન્ન વગેરે. આ વસ્તુઓનો ત્યાગ કરવો તે રસત્યાગ. અથવા રસ એટલે સ્વાદ, તેનો ત્યાગ કરવો તે રસત્યાગ.

રસને શાસ્ત્રીય પરિભાષામાં **વિકૃતિ** અથવા **વિગઈ** કહેવામાં આવે છે. તે દ્રવરૂપ, પિંડરૂપ અને દ્રવપિંડરૂપ હોય છે. તેમાં જે પ્રવાહી હોય તે દ્રવરૂપ કહેવાય છે, જેમકે દૂધ અને તેલ; જે પિંડ જેવી હોય તે પિંડરૂપ કહેવાય છે,

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જેમકે માખણ અને પકવાન્ન, અને જે દ્રવ અને પિંડના મિશ્રણરૂપ હોય છે, તેને દ્રવપિંડ કહેવાય છે, જેમકે દહીં અને ગોળ (રબડી જેવો હોય તે). આ વિકૃતિના મુખ્ય ભેદો ૧૦ છે. તે આ પ્રમાણે (૧) મધ, (૨) મદિરા, (૩) માખણ, (૪) માંસ, (૫) દૂધ, (૬) દહીં, (૭) ઘી, (૮) તેલ, (૯) ગોળ અને (૧૦) પકવાન્ન. તેમાં મધ, મદિરા, માખણ અને માંસમાં તે તે પ્રકારના અસંખ્ય જીવો ઉત્પન્ન થતા હોવાથી તથા તામસી અને વિકારી હોવાથી મુમુક્ષુઓને માટે સર્વથા અભક્ષ્ય છે અને બાકીની છ વિકૃતિનો યથાશકિત ત્યાગ કરવો ઘટે છે. સ્વાદની ખાતર નાખવામાં આવતું મરચું પણ અપેક્ષા–વિશેષથી રસ જ છે, એટલે તેમાં પણ સંયમી બનવાની જરૂર છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

विगइं विगई–भीओ, विगइ–गयं जोउ भुंजए साहु ।
विगई विगइ–सहावा, विगइं विगई बला नेइ ॥ १ ॥

વિગતિ એટલે દુર્ગતિ, તેનાથી ભય પામેલો સાધુ (મુમુક્ષુ) વિકૃતિ કરનાર–વિગતિમાં ગમન કરાવનાર વિગઈનું જો ભોજન કરે તો વિકાર કરવાના સ્વભાવવાળી વિગઈ બલાત્કારે વિ-ગતિમાં એટલે દુર્ગતિમાં લઇ જાય છે.

રસવાળું ભોજન ઇંદ્રિયોમાં ઉત્તેજના લાવે છે, તેથી જ બ્રહ્મચર્ય પાલન માટેની સાતમી વાડમાં '**प्रणीताभोजनम्**' માદક આહારનો ત્યાગ કરવો એવો નિયમ બાંધેલો છે. તાત્પર્ય

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કે જેને સંયમની સાધના કરવી છે અને બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન કરવું છે તેણે રસનો પરિત્યાગ કરવો આવશ્યક છે. લોકોમાં પણ કહેવત છે કે 'જેનું ચાડું બંધ તેનું નાડું બંધ.' એટલે જે માણસ (જીભ ઉપર કાબૂ રાખીને) ચાડું એટલે મુખ વારંવાર ઉઘાડતો નથી, તે બ્રહ્મચર્ય પાળી શકે છે.

રસની ગૃદ્ધિથી અનેક જાતના રોગો થાય છે અને કેટલીક વાર તો માછલાંની જેમ પોતાના પ્રાણ પણ ગુમાવવા પડે છે. આમ છતાં આપણી હાલની ખાનપાનની પદ્ધતિ એવી છે કે તેમાં રસનું-સ્વાદનું પોષણ વિશેષ થાય છે. દાખલા તરીકે-દાળ-શાક વગેરેમાં મરી-મસાલા ખૂબ નાખવામાં આવે છે; તેની સાથે બે ત્રણ અથાણાં, તીખી તમતમતી ચટણી, લિજ્જત આવે તેવું કચુંબર અને પાપડ વગેરે પણ જોઇએ છે. આ બધાનો અર્થ એ છે કે-આપણે દેહ ટકાવવા માટે ખાતાં નથી પણ સ્વાદની ખાતર જ ખાઇએ છીએ કે જે વસ્તુ પરિણામે શરીર અને મનની પાયમાલી કરનારી છે. એટલે ખાનપાન બને તેટલાં સાદાં અને સાત્વિક રાખવાની જરૂર છે.

છ વિકૃતિ અને મરચાં વગેરે મસાલાનો ત્યાગ કરવાપૂર્વક એકાસણું કરવું, તેને આયંબિલ કહેવાય છે, કે જેની તાલીમ માટે ચૈત્ર શુદિ સાતમથી પુનમ અને આસો શુદિ સાતમથી પુનમ એમ નવ-નવ દિવસની બે ઓળીઓ નક્કી કરવામાં આવી છે. તે ઉપરાંત 'આયંબિલ વર્દ્ધમાન તપ'ની યોજના પણ છે, તે આ રીતે—

उपवासान्तरितानि च, शतपर्यन्तं तथैकमारभ्य ।
वृद्धया निरन्तरं यो भवति, तदाचाम्लवर्धमानं च ॥ १ ॥

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

આયંબિલવડે વૃદ્ધિ પામતું જે તપ તે આયંબિલ વર્ધમાન તપ કહેવાય છે. તેમાં એક આયંબિલ અને એક ઉપવાસ, બે આયંબિલ અને એક ઉપવાસ, ત્રણ આયંબિલ અને એક ઉપવાસ એમ સો આયંબિલ ને એક ઉપવાસ કરવામાં આવે છે. આ રીતે આ તપ પૂર્ણ કરતાં ઓછામાં ઓછાં ચૌદ વર્ષ, ત્રણ માસ અને વીસ દિવસ લાગે છે. આ કાળે પણ 'આયંબિલ વર્દ્ધમાન તપ' પૂર્ણ કરનારા સાધુ–સાધ્વી તથા શ્રાવક–શ્રાવિકા જોવામાં આવે છે. કેટલાક મહાપુરુષોએ જીવનભર વિકૃતિનો ત્યાગ કર્યાના દાખલા પણ ઇતિહાસનાં પાને નોંધાયલા છે.

રસત્યાગથી અનેક પ્રકારની લબ્ધિઓ ઉત્પન્ન થાય છે કે–જેમાંની કેટલીક લબ્ધિઓનું વર્ણન મહામુનિ વિષ્ણુકુમારના ચરિત્ર પ્રસંગે કરવામાં આવ્યું છે; તેથી પ્રત્યેક મુમુક્ષુનું એ પવિત્ર કર્તવ્ય છે કે–તેણે રસત્યાગનો બને તેટલો વધારે આશ્રય લેવો.

(૫) કાયક્લેશ

કાય એટલે શરીરને સંયમના નિર્વાહ અર્થે જે કષ્ટ આપવું તે કાયકલેશ કહેવાય છે. તેમાં ઠંડા પાણીમાં ઊભા રહેવું, પંચાગ્નિની આતાપના લેવી, ઝાડની ડાળીએ ઊંધા મસ્તકે લટકી રહેવું વગેરે અજ્ઞાન કષ્ટનો સમાવેશ થતો નથી, કારણ કે તેમાં જીવોની હિંસા રહેલી છે અને સંયમના સાધનરૂપ ઇંદ્રિયો વગેરેની હાનિ થવાનો સંભવ છે. પરંતુ તેમાં સુખપૂર્વક કરી શકાય તેવાં આસનોનો સમાવેશ થાય છે. શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

ठाणा वीरासणाईया, जीवस्स उ सुहावहा।
उग्गा जहा धरिज्जंति, कायकिलेसं तमाहियं ॥ १ ॥

જીવ સુખે કરીને કરી શકે તેવાં વીરાસનાદિ આસનો ઉગ્ર પ્રકારે ગ્રહણ કરવાં તેને કાયકલેશ કહેવાય છે. અહીં વીરાસનાદિ શબ્દથી પદ્માસન, ગોદોહિકાસન વગેરે સુખસાધ્ય આસનો અભિપ્રેત છે.

તિતિક્ષાબુદ્ધિથી ઉઘાડા પગે ચાલવું, ખુલ્લા માથે રહેવું, કેશનો લોચ કરવો, ટાઢ-તડકો વેઠી લેવો તથા ડાંસ-મચ્છર વગેરેનો ઉપદ્રવ સહન કરવો તે પણ કાયકલેશ નામનું તપ છે.

કાયાની કોમલતા દૂર કરવા માટે તથા અપ્રમત્તદશા કેળવવા અર્થે આ તપ અત્યંત આવશ્યક છે. શ્રમણ ભગવાન મહાવીરે સાધનકાલ દરમિયાન આ પ્રકારનો કાયકલેશ ઉગ્ર પ્રકારે કર્યો હતો, તે વાત સુપ્રસિદ્ધ છે.

(૬) સંલીનતા

સંલીનતા એટલે શરીરનું સંગોપન કે પ્રવૃત્તિનો સંકોચ. તે ચાર પ્રકારે થાય છે. (૧) ઇંદ્રિયોને તેના વિષયમાંથી પાછી લાવવી એટલે કે **ઇંદ્રિયોનો જય** કરવો. (૨) ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોને ઉદયમાં આવવા ન દેવા અથવા ઉદયમાં આવે તો નિષ્ફળ કરવા એટલે કે **કષાયનો જય** કરવો. (૩) અપ્રશસ્ત યોગનો નિરોધ કરવો અને કુશલ યોગની ઉદીરણા કરવી એટલે **યોગનિરોધ** કરવો. અને (૪) સ્ત્રી, પશુ તથા નપુંસક આદિ અયોગ્ય સંસર્ગવાળા

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સ્થાનનો ત્યાગ કરી એકાંતમાં શુદ્ધ સ્થાનને વિષે શયન તથા આસન રાખવું એટલે કે **વિવિક્ત ચર્યા** કરવી. તે માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ કહ્યું છે કે—

इंदिअ–कसाय–जोए पडुच्च संलीणया मुणेयव्वा ।
तह य विवित्त–चरिआ, पण्णत्ता वीअरायेहिं ॥ १ ॥

સંલીનતા–ઇંદ્રિય, કષાય અને યોગને આશ્રીને સમજવી. તથા વિવિક્તચર્યાને પણ વીતરાગોએ સંલીનતા કહેલી છે.

આ તપનું મહત્ત્વ સુપ્રતીત છે. જ્યાંસુધી તોફાની ઘોડા જેવી ઇંદ્રિયો પર કાબૂ આવે નહિ ત્યાંસુધી સંયમની સાધના થઇ શકતી નથી. વળી જ્યાંસુધી ક્રોધ, માન, માયા અને લોભનું દમન કરવામાં આવે નહિ ત્યાંસુધી માનસિક શાંતિ મળવી મુશ્કેલ છે. તે જ રીતે અપ્રશસ્ત યોગ કર્મબંધનનું મુખ્ય કારણ હોઇને તેને રોકવાની પણ તેટલી જ જરૂર છે અને બ્રહ્મચર્યના શુદ્ધ પાલન માટે તથા એકત્વ ભાવના કેળવવા માટે વિવિક્ત–ચર્યાની જેટલી ઉપયોગિતા સ્વીકારીએ તેટલી ઓછી જ છે.

ઘણીવાર મનુષ્યો ઉપવાસ, આયંબિલ, ઊનોદરિકા કે વૃત્તિ-સંક્ષેપ વગેરે તપો કરી શકે છે પણ સહવાસ છોડી એકાંત–નિર્જન સ્થાનમાં વસી શકતા નથી. તેનાં મુખ્ય કારણો બે છે: એક તો તેણે પોતાની આસપાસ જે સૃષ્ટિ ઊભી કરેલી છે, તેની મોહકતા તેના મનમાંથી છૂટતી નથી અને બીજું તેના મનમાં કોઇ ને કોઇ પ્રકારનો ભય રહેલો હોય છે. આ બંને દોષો જીતવા માટે સંલીનતા એ ઉત્તમ પ્રકારની તાલીમ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૭) પ્રાયશ્ચિત્ત

પ્રાયશ્ચિત્ત એ અભ્યંતર તપ છે, એટલે તેનો સંબંધ માનસિક ક્રિયા સાથે વિશેષ છે. જે માનસિક ક્રિયા આત્માનું મલિન ભાવોમાંથી શોધન કરે તે પ્રાયશ્ચિત્ત કહેવાય છે. '**प्रायशो वा चित्तं जीवं शोधयति कर्ममलिनं तत् प्रायश्चित्तम्।**' અથવા **पायच्छित्त**–પાપનો છેદ કરવો તે જ પ્રાયશ્ચિત્ત છે.

મનુષ્ય માત્ર–અપૂર્ણ કે છદ્મસ્થ હોય ત્યાં સુધી ભૂલને પાત્ર છે. તેના વડે નાની–મોટી ભૂલો થયા કરે છે, પરંતુ એ ભૂલોનું ભાન થાય એટલે કે તે માટે હૃદયમાં પશ્ચાત્તાપ થાય અને તેનું યોગ્ય પ્રાયશ્ચિત કરવામાં આવે, તો અર્જુનમાળીની જેમ અંતે બેડો પાર થાય છે.

અર્જુનમાળી

રાજગૃહી નગરીની બહાર યક્ષનું એક વિશાલ મંદિર હતું. આ યક્ષનાં હાથમાં લોઢાની એક મોટી મોગર રહેલી હતી, તેથી લોકો તેને **મોગરપાણિ** યક્ષના નામથી ઓળખતા હતા.

મોગરપાણિ યક્ષની પૂજા કરવા માટે ધન, સ્ત્રી અને પુત્રની કામનાવાળા અનેક લોકો ત્યાં આવતા હતા, જેમાં **અર્જુનમાળી** અને તેની અત્યંત રૂપવતી સ્ત્રી **બંધુમતી** પણ સામેલ હતાં. તેઓ પોતાના બગીચામાં ખીલેલાં અનેક પ્રકારનાં મનોહર અને સુગંધી ફૂલોની છાબડી ભરીને લઇ આવતાં અને તેના વડે યક્ષની પ્રતિદિન પૂજા કરતા.

એક વખત પર્વના દિવસે અર્જુનમાળી તથા બંધુમતી

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

યક્ષની પૂજા કરવા ગયા. ત્યારે મંદિરમાં છુપાઇ રહેલા છ બદ-માશોએ અચાનક હૂમલો કરીને અર્જુનમાળીને નીચે નાખી દીધો અને તેને એક મજબૂત દોરડાવડે બાંધી મંદિરના એક ખૂણામાં હડસેલી દીધો. પછી તેઓ નિઃસહાય બંધુમતીનાં રૂપ તથા શીલને યથેચ્છ લૂંટવા લાગ્યા.

પશુઓ પણ પોતાની સ્ત્રીનો પરાભવ સગી આંખે જોઇ શકતા નથી તો એક જીવતા મનુષ્યનું તો કહેવું જ શું ? આ દૃશ્ય જોઇને અર્જુનમાળીને કમકમાં આવ્યાં અને તેણે બંધનમાંથી મુક્ત થવાના પ્રયાસો કર્યાં. પરંતુ બંધન અતિ મજબૂત હતું એટલે તેની કારી ફાવી નહિ. છેવટે તે ક્રોધથી અત્યંત વ્યાકુળ થઇને તે યક્ષને આ પ્રમાણે કહેવા લાગ્યોઃ ‘ અરે યક્ષ ! તારામાં કાંઈ દૈવત છે કે નહિ ? તારા પરમ ભક્તની પત્ની પર તારા દેખતાં જ અત્યાચાર થઇ રહ્યો છે, છતાં તું ચૂપ કેમ ઊભો છે ? અલ્યા ! હું તો આજ સુધી એમ જાણતો હતો કે તું મોટો દેવ છે અને ઘણો જ સમર્થ છે, પણ હવે જ ખબર પડી કે તું પત્થરનો એક પાળિયો છે અને તારામાં કશી જ તાકાત બળી નથી. ! ’

અર્જુનમાળીનાં આવાં આકરાં વેણ સાંભળીને યક્ષ અત્યંત ક્રોધાયમાન થયો અને તે જ ક્ષણે તેના શરીરમાં દાખલ થયો; એટલે અર્જુનમાળીમાં ખૂબ જ બળ આવ્યું અને તે બળથી તેણે પોતાની આસપાસનું મજબૂત બંધન કાચા દોરાની જેમ તડ તડ તોડી નાખ્યું. પછી તેણે યક્ષના હાથમાં રહેલી લોઢાની ભારે મોગર ઉપાડી ને પેલા છ બદમાશોનું તથા તેને આધીન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

થયેલી બંધુમતીનું ત્યાં ને ત્યાં જ મૃત્યુ નિપજાવ્યું. યક્ષાવિષ્ટ મનુષ્ય શું નથી કરી શકતો ?

આ બનાવ પછી યક્ષ તેના શરીરમાં જ રહ્યો અને રોજ છ પુરુષોને તથા એક સ્ત્રીને મારવા લાગ્યો. આથી રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે 'જ્યાં સુધી ઉન્મત્ત અર્જુનમાળીએ સાત માણસોને મારી નાખ્યાની ખબર આવશે નહિ ત્યાં સુધી કોઈએ નગરની બહાર જવું નહિ.'

એવામાં વધામણી આવી કે 'દીર્ઘ તપસ્વી શ્રમણ ભગવાન મહાવીર નગર બહાર ઉદ્યાનમાં સમવસર્યા છે' પરંતુ મૃત્યુના ડરથી કોઇ નગર બહાર નીકળવાની હિમ્મત કરી શક્યું નહિ. આ પરિસ્થિતિ **સુદર્શન** નામના એક વ્રતધારી શ્રાવકથી બરદાસ થઇ નહિ, એટલે તૈયાર થઇને નગરના દરવાજે આવ્યો અને દરવાનને કહેવા લાગ્યો: 'ભલા દરવાન ! નગરનો દરવાજો જલદી ઉઘાડ અને મને બહાર જવા દે. મારે જગદ્‌ગુરુ જગન્નાથ ભગવાન મહાવીર ઉદ્યાનમાં સમવસર્યા છે, તેમના દર્શન કરવા માટે જવું છે.'

એ સાંભળીને દરવાને કહ્યું: 'હજી અર્જુનમાળીએ સાત માણસોને મારી નાખ્યાની ખબર આવી નથી, માટે નગરના દરવાજા ઉઘડશે નહિ. જો હું દરવાજો ઉઘાડું અને અર્જુનમાળી તમને મારી નાખે, તો તેની જવાબદારી કોના શિરે ?'

સુદર્શન શેઠે કહ્યું: 'એની જવાબદારી મારા પોતાના શિરે. ભલા ભાઇ ! મૃત્યુ આવ્યું જ હશે તો મને છોડવાનું નથી અને નહિ જ આવ્યું હોય તો મને કંઈ પણ થવાનું નથી.'

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

દરવાને કહ્યું: ' એ વાત ઠીક છે, પણ હાથે કરીને મૃત્યુના મુખમાં જવાય ? જો એ તમને જોશે તો માર્યા વિના નહિ જ મૂકે એની મને પૂરેપૂરી ખાતરી છે.'

સુદર્શન શેઠે કહ્યું: ' ભાઈ ! એ વાત જવા દે. હું તારા પગે પડું છું, માટે કૃપા કરીને દરવાજો ઉઘાડ. તું જેટલો વિલંબ કરે છે તેટલો મને જગદ્‌ગુરુનાં દર્શનમાં અંતરાય પડે છે.'

આ રીતે ઘણી આજીજી પછી દરવાને નગરનો દરવાજો ઉઘાડ્યો અને સુદર્શન શેઠ ઉત્સાહભેર ભગવાનનાં દર્શન કરવાને ચાલ્યો. શું એની શ્રદ્ધા ! શું એની ભક્તિ ! શું એનો ઉત્સાહ અને શું એની દઢતા ! પરંતુ વ્યવહારકુશળ અને ગણુતરીબાજ મનુષ્યોને મન સુદર્શનનું આ પગલું એક મૂર્ખાઈભર્યું સાહસ હતું, એટલે તેઓ ' હવે પછી શું બને છે ? ' તે જોવા માટે નગરીના કોટ ઉપર ચડ્યા અને બધું દશ્ય બારીકાઈથી જોવા લાગ્યા.

અર્જુનમાળીએ સુદર્શન શેઠને જોયા, એટલે તે દાંત કચકચાવતો સામે ધસ્યો. આ બાજુ સુદર્શન શેઠ પૂરેપૂરા સાવધ હતા. તેમણે મરણાંત ઉપસર્ગ જાણીને સાગારી અનશનનું પચ્ચક્‌ખાણ કર્યું. અને અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલિ-પ્રણીત ધર્મનું શરણ સ્વીકારીને નમસ્કારમંત્રની ગણના શરૂ કરી. કહ્યું છે કે—

भोयणसमए सयणे, विबोहणे पवेसणे भए वसणे ।
पंच नमुक्कारं खलु, समरिज्जा सव्वकालं पि ॥ १ ॥

ભોજનસમયે, શયનસમયે, જાગવાના સમયે, પ્રવેશના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સમયે, ભયના સમયે અને સર્વ સમયે ખરેખર! પંચ નમસ્કારનું સ્મરણ કરવું જોઇએ.

કારણ કે એ પાંચ નમસ્કારનાં પદોવડે રણ-સંગ્રામ, સાગર, હાથી, સર્પ, સિંહ, કષ્ટ, વ્યાધિ, અગ્નિ, શત્રુ, બંધન, ચોર, ગ્રહ, ભ્રમ, રાક્ષસ અને શાકિનીથી થનાર ભયો દૂર ભાગી જાય છે.

મોગરપાણિ યક્ષ આ મંત્રના પ્રભાવથી દૂર નાઠો અને તે જ ક્ષણે અર્જુનમાળી બેહોશ થઇને જમીન પર પટકાઈ પડયો એટલે સુદર્શન શેઠે તેની સારવાર કરી, તેથી થોડી વારે તે શુદ્ધિમાં આવ્યો અને કહેવા લાગ્યો કે 'આપ કોણ છો? અને અહીં કેમ બેઠા છો?'

સુદર્શન શેઠ સમજી ગયા કે-અર્જુનમાળીની ઉન્મત્ત અવસ્થા ચાલી ગઇ છે અને તે ભાનમાં આવી ગયો છે એટલે કહેવા લાગ્યા: 'હે ભાઈ! હું આ નગરનો રહેવાસી સુદર્શન નામનો શેઠ છું અને તારી સારવાર કરવા તારી પાસે બેઠો છું.'

આ સાંભળી અર્જુનમાળીએ કહ્યું કે 'મને શું થયું છે, તે મારી પાસે બેઠા છો?' એટલે સુદર્શન શેઠે તેને બધી વાત અથઇતિ કહી સંભળાવી. ત્યારે અર્જુનમાળીએ કહ્યું: 'જગદ્ગુરુનાં દર્શન તો મારે પણ કરવા છે, માટે કૃપા કરીને મને સાથે લઈ જાઓ.'

સુદર્શન શેઠ તેની માગણી કબૂલ રાખી અને તે બંને ભગવાનનાં દર્શન કરવાને ચાલ્યા. આ દશ્ય જોઇને પેલા વ્યવહાર-કુશળ અને ગણતરીબાજોએ મોંમાં આંગળાં નાખ્યાં: 'કહો ન

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

કહો પણ કંઇક ચમત્કાર થયો, નહિ તો નરહત્યારો અર્જુન-માળી આમ બકરી-શો થઇ જાય નહિ.' અને તેઓ વધારે બનાવની પ્રતીક્ષા કરવા લાગ્યા.

શ્રમણ ભગવાન મહાવીરની પરમપાવની ધર્મદેશનાએ અર્જુનમાળીની મોહ-નિદ્રા ઉડાડી દીધી અને તે પશ્ચાત્તાપથી પૂર્ણ હૃદયે કહેવા લાગ્યો: 'હે કૃપાળુ ! હે કરુણાસિંધુ ! હું અધમ છું, પતિત છું, એક હીચકારો હત્યારો અને નરરાક્ષસ છું ! મારું હવે શું થશે ? પ્રભો ! મને તારો, મને ઉગારો, મારો હાથ પકડીને મને ઊભો કરો.'

ભગવાને કહ્યું: 'અર્જુન ! આત્મા જ આત્માનો શત્રુ છે અને આત્મા જ આત્માનો મિત્ર છે. તને કરેલાં કામોનો સાચા હૃદયથી પશ્ચાત્તાપ થતો હોય તો આજથી તારું નવીન જીવન શરૂ થાય છે. હવે ખેદ અને પશ્ચાત્તાપ છોડી દે અને મંગલમય ધર્મનું શરણ સ્વીકાર. આ ધર્મ સર્વવિરતિ અને દેશવિરતિથી બે પ્રકારનો છે. તેમાં સર્વવિરતિ શીઘ્ર કલ્યાણ કરનારો છે. એટલે અર્જુન-માળીએ પ્રભુના પવિત્ર હસ્તે સર્વવિરતિ-ધર્મનો સ્વીકાર કર્યો. તાત્પર્ય કે-તે હવે સામાન્ય ગૃહસ્થ મટીને પંચમહાવ્રતધારી સાધુ થયો અને ભગવાનના શ્રમણસંઘનો એક સભ્ય બન્યો.

ભગવાન મહાવીરના શ્રમણસંઘમાં અહિંસા, સંયમ અને તપની ઉગ્ર આરાધના થતી હતી. તે મુજબ અર્જુન મુનિએ પણ અહિંસા, સંયમ અને તપની ઉગ્ર આરાધના શરૂ કરી અને છઠના પારણે છઠ કરવાનો નિર્ણય કર્યો. પછી છઠ કરીને પારણાં માટે નગરમાં ભિક્ષા લેવા ગયા ત્યારે કોઇએ કહ્યું કે

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

'આ તો નરહત્યારો છે, માટે એને પત્થરાથી મારો.' કોઇએ કહ્યું કે 'આ તો નરપિશાચ છે, માટે એને લાકડીથી ફટકારો.' કોઇએ કહ્યું કે 'એણે મારા પિતાને માર્યો છે, તેથી એને નહિ છોડું.' કોઈએ કહ્યું કે 'એણે મારા એકના એક ભાઇની હત્યા કરી છે, માટે તેનો બદલો જરૂર લઈશ.' અને તેમના પર લાકડી તથા પત્થરના પ્રહારો શરૂ થયાં. અર્જુન મુનિ પોતાના પ્રાણાતિપાત-વિરમણ વ્રતમાંથી જરા પણ ચલિત થયા નહિં. તેઓ આત્માને શિક્ષા આપવા લાગ્યા કે 'હે જીવ! તને જ્યારે લાકડી અને પત્થરના પ્રહારો આવા દુઃખદાયક લાગે છે ત્યારે જેને તેં મોગરના માર મારીને પૂરાં કર્યાં છે, તેને કેવું દુઃખ થયું હશે? એ દુઃખના હિસાબે તારું દુઃખ કંઇ વિસાતમાં નથી; માટે બળિયો થા અને જે કંઇ દુઃખ કે મુશીબત આવી પડે તેને ધૈર્યથી સહન કરી લે.'

આ રીતે અર્જુનમાળીએ ઉત્તમ પ્રકારની હિતશિક્ષાવડે આત્માને સંયમમાં સ્થિર કર્યો અને જે કંઈ પરિષહો થયા, તે બધા શાંતભાવે સહન કરી લીધા. આવી ઘટના કેટલોક વખત ચાલુ રહી, પરંતુ છેવટે સત્યનો સૂર્ય પ્રકાશ પામ્યો અને લોકો સમજી ગયા કે 'હવે અર્જુનમાળી શયતાન નથી પણ સાચા સંત છે અને ક્ષમાની મૂર્તિ છે.' એટલે તેઓ એમના ચરણે પડ્યા અને પોતાના અપરાધોની ક્ષમા માગવા લાગ્યા. અર્જુન મુનિએ તે સહુને ક્ષમા આપી અને પોતાના સર્વ અપરાધોની પણ ક્ષમા માગી. છેવટે તેમણે પંદર દિવસનું અનશન કર્યું અને અંતસમયે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી આત્માનું કલ્યાણ કર્યું. તાત્પર્ય કે-પહેલાંનું ગમે તેવું પાપ અંતઃકરણના

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સાચા પશ્ચાત્તાપ અને યોગ્ય પ્રાયશ્ચિત્તથી શુદ્ધ થાય છે અને નવું પવિત્ર જીવન શરૂ કરીને આત્માનું કલ્યાણ કરી શકાય છે.

શાસ્ત્રોમાં પ્રાયશ્ચિતના દશ ભેદો વર્ણવેલા છે, તે આ રીતે–(૧) આલોચનાને યોગ્ય, (૨) પ્રતિક્રમણને યોગ્ય, (૩) તે ઉભયને યોગ્ય એટલે કે મિશ્ર, (૪) વિવેકને યોગ્ય, (૫) કાયોત્સર્ગને યોગ્ય, (૬) વિશિષ્ટ પ્રકારનાં તપને યોગ્ય, (૭) દીક્ષાપર્યાયના છેદને યોગ્ય, (૮) મહાવ્રતોનાં ફરી આરોપણ યોગ્ય, એટલે કે મૂળ (૯) ભારે તપશ્ચર્યા અને મહાવ્રતોનાં ફરી આરોપણને યોગ્ય, એટલે કે અનવસ્થાપ્ય અને (૧૦) કુલ, ગણ કે સંઘની બહાર કરવા યોગ્ય એટલે કે પારાંચિક. આ પ્રાયશ્ચિત્તોમાંથી ગીતાર્થ ગુરુ પાપના પ્રકાર મુજબ કોઈ પણ પ્રાયશ્ચિત આપે છે અને મુમુક્ષુ આત્મા તેને ગ્રહણ કરવાથી પાપમુક્ત બને છે.

તાત્પર્ય કે–પાપને માટે અંતરમાં પશ્ચાત્તાપ થવો અને પ્રાયશ્ચિત્ત લઈને શુદ્ધ થવાની ભાવના રાખવી તે એક પ્રકારનું અભ્યંતર તપ છે.

(૮) વિનય.

વિનય એટલે શિષ્ટાચાર, ભક્તિ, અંતરનું બહુમાન અને આશાતનાનું વર્જન–તેનાવડે અભિમાનનો નાશ થાય છે, નમ્રતા પ્રકટે છે અને ધર્માારાધનની યોગ્યતા આવે છે, તેથી જ શાસ્ત્રકારોએ તેનો સમાવેશ અભ્યંતર તપમાં કરેલો છે.

વિનયનું સ્વરૂપ શાસ્ત્રકારોએ વિવિધ પ્રકારે વર્ણવેલું છે, જેમાં પાંચ પ્રકારનો વિનય મુખ્ય છે, તે આ પ્રમાણે (૧)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

જ્ઞાનનો વિનય, (૨) દર્શનનો વિનય, (૩) ચારિત્રનો વિનય (૪) તપનો વિનય અને (૫) ઉપચાર વિનય. અહીં ઉપચાર વિનયથી આચાર્યાદિ પાસેથી શિક્ષા ગ્રહણ કરવાને લગતો અભ્યુત્થાન, અંજલિકરણ વગેરે સાત પ્રકારનો શિષ્ટાચાર અભિપ્રેત છે.

વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજ પ્રશમરતિ પ્રકરણમાં વિનયની મહત્તા દર્શાવતાં જણાવે છે કે—

विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।
ज्ञानस्य फलं विरतिर्विरतिफलं चास्रवनिरोधः ॥ १ ॥

संवरफलं तपोबलमथ तपसो निर्जराफलं दृष्टम् ।
तस्मात् क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगित्वम् ॥ २ ॥

योगनिरोधाद् भवसन्ततिक्षयः सन्ततिक्षयान्मोक्षः ।
तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥ ३ ॥

વિનયનું ફલ ગુરુ-શુશ્રૂષા છે, ગુરુ-શુશ્રૂષાનું ફલ શ્રુત-જ્ઞાનની પ્રાપ્તિ છે, શ્રુતજ્ઞાનની પ્રાપ્તિનું ફલ વિરતિ છે અને વિરતિનું ફલ આસ્રવનો નિરોધ એટલે સંવર છે. સંવરનું ફલ તપોબળ છે અને તપોબળનું ફલ નિર્જરા છે કે જેનાથી ક્રિયાની નિવૃત્તિ થાય છે. ક્રિયાની નિવૃત્તિ થતાં અયોગિત્વ એટલે યોગરહિતપણું પ્રાપ્ત થાય છે અને યોગરહિતપણું પ્રાપ્ત થતાં ભવપરંપરાનો ક્ષય થાય છે. ભવપરંપરાનો ક્ષય એ જ મોક્ષ છે. આમ વિનય એ સર્વ કલ્યાણોનું ભાજન છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૯) વૈયાવૃત્ય.

ધર્મસાધન નિમિત્તે અન્ન-પાન વગેરે વિધિપૂર્વક મેળવી આપવાં તેમજ સંયમની આરાધના કરનાર ગ્લાન વગેરેની સેવાભક્તિ કરવી તે વૈયાવૃત્ય કહેવાય છે. નિઃસ્વાર્થ સેવાભક્તિ અને તિતિક્ષા વિના આવું વૈયાવૃત્ય થઇ શકતું નથી, તેથી તેનો સમાવેશ અભ્યંતર તપમાં કરેલો છે.

શાસ્ત્રકાર મહર્ષિઓના અભિપ્રાયથી વૈયાવૃત્ય દશ પ્રકારનું છે, તે આ રીતે:

(૧) આચાર્યનું વૈયાવૃત્ય.
(૨) ઉપાધ્યાયનું વૈયાવૃત્ય.
(૩) સ્થવિરનું વૈયાવૃત્ય.
(૪) તપસ્વીનું વૈયાવૃત્ય.
(૫) ગ્લાન એટલે માંદા કે અશક્તનું વૈયાવૃત્ય.
(૬) શૈક્ષ એટલે નવદીક્ષિતનું વૈયાવૃત્ય.
(૭) કુલ એટલે એક આચાર્યના સમુદાયનું વૈયાવૃત્ય.
(૮) ગણ એટલે જુદા જુદા આચાર્યોના સમાન વાચના-વાળા સહાધ્યાયીઓનું વૈયાવૃત્ય.
(૯) સંઘ એટલે સકલ શ્રમણસંઘનું વૈયાવૃત્ય.
(૧૦) સાધર્મિક એટલે સમાન ધર્મ પાળનારાઓનું વૈયાવૃત્ય.

ગૃહસ્થો પણ સાધર્મિક અને ચતુર્વિધ સંઘનું વૈયાવૃત્ય કરીને આ ત્રીજા પ્રકારના અભ્યંતર તપનું આચરણ કરી શકે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

(૧૦) સ્વાધ્યાય.

સ્વ એટલે પોતાનો આત્મા. તેના ઉદ્ધાર અર્થે કલ્યાણકારી શાસ્ત્રોનું અધ્યયન કરવું તેને **સ્વાધ્યાય** કહેવામાં આવે છે. સ્વાધ્યાયમાં રત રહેનાર અનેક પ્રકારની અપ્રશસ્ત પ્રવૃત્તિઓને રોકી પોતાના આત્માને શુભ અધ્યવસાયવાળો કરી શકે છે, તેથી તેનો સમાવેશ અભ્યંતર તપમાં કરેલો છે.

શાસ્ત્રકાર મહર્ષિઓના અભિપ્રાયથી સ્વાધ્યાય પાંચ પ્રકારનો છે, તે આ રીતે—

(૧) વાચના–શાસ્ત્રનો મૂલ પાઠ તથા અર્થો ગ્રહણ કરવા તે.

(૨) પૃચ્છના–ન સમજાયેલી બાબતમાં પ્રશ્નો પૂછવા તે.

(૩) પરાવર્તના–ગ્રહણ કરેલા પાઠ તથા અર્થોનું પુનરાવર્તન કરવું તે.

(૪) અનુપ્રેક્ષા–અર્થના ઉપયોગપૂર્વક પરાવર્તન કરવું તે.

(૫) ધર્મકથા–ધર્મનો બોધ થાય તેવી વ્યાખ્યાન–વાણીની પ્રવૃત્તિ.

પુસ્તકોના વાચન–મનન–પરિશીલનની જીવન પર ઘારી ઊંડી અસર પડે છે. જે લોકો શૃંગારિક નવલકથાઓ, ડીટેકટીવ વાર્તાઓ, છળપ્રપંચથી ભરપૂર આખ્યાનો અને તેવા જ પ્રકારના વર્તમાનપત્રો કે છાપાં વગેરે વાંચે છે, તેમના વિચારો પણ તે જ પ્રકારના થાય છે, જ્યારે ઉત્તમ સુભાષિતો, કાવ્યો અને ન્યાય–નીતિ તથા ધર્મનો બોધ આપનારાં પુસ્તકો વાંચવાથી મનુષ્યનાં અંધકારમય જીવન પર પૂરતો પ્રકાશ પડે છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અંતરશુદ્ધિ ઈચ્છનાર મનુષ્યોએ હમેશાં અમુક વખત સુધી ઉત્તમ પુસ્તકોનું વાચન, મનન તથા પરિશીલન કરીને સ્વાધ્યાય–તપ કરવું ઘટે છે.

(૧૧) ધ્યાન.

કોઇ પણ વિષય પર મનને એકાગ્ર કરવું તેને ધ્યાન કહેવાય છે. તે બે પ્રકારનું છે: (૧) શુભ અને (૨) અશુભ. તેમાં શુભ ધ્યાન અભ્યંતર તપરૂપ છે.

શુભ ધ્યાન બે પ્રકારનું છે: (૧) ધર્મધ્યાન અને (૨) શુકલધ્યાન. તેમાં તમામ પ્રકારના ઉત્તમ વિચારો કે જેમાં અહિંસા, પ્રેમ–કરુણા, શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરેનો સમાવેશ થાય છે, તેના પર મનને કેન્દ્રિત કરવું તેને શુકલધ્યાન કહેવાય છે.

આ બંને ધ્યાનના ભેદ–પ્રભેદો ઘણા છે, પણ તે બધાનું તાત્પર્ય એક જ છે કે–મનને જ્યાં ત્યાં ભટકવા ન દેતાં ઉત્તમ વિચારોમાં રોકાયેલું રાખવું અને તેનો વિક્ષેપ ઘટાડવા માટે યત્નશીલ રહેવું. જ્યાં સુધી મનનો વિક્ષેપ ઘટે નહિ ત્યાં સુધી ધર્મધ્યાન કે શુકલધ્યાન થાય નહિં અને જ્યાં સુધી ધર્મધ્યાન કે શુકલધ્યાન થાય નહિ ત્યાં સુધી સઘળાં કર્મોની નિર્જરા થાય નહિ, તેથી દરેક મુમુક્ષુએ ધ્યાન તપનો આશ્રય લેવો આવશ્યક છે.

(૧૨) ઉત્સર્ગ અથવા કાયોત્સર્ગ

એક સ્થાને સ્થિર થઈને કાયવ્યાપારનો ત્યાગ કરવો, મૌન-વડે વાણીવ્યાપારનો ત્યાગ કરવો અને ધ્યાનવડે અપ્રશસ્ત મનોવ્યાપારનો ત્યાગ કરવો તે કાયોત્સર્ગ કહેવાય છે. તેમાં

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

સુખ-દુઃખની તિતિક્ષાવડે દેહ અને મતિના જાડ્યની શુદ્ધિ થાય છે, અનુપ્રેક્ષા અથવા તત્ત્વચિંતન થાય છે અને ચિત્તની એકાગ્રતાવડે શુભ ધ્યાન ધરી શકાય છે, તેથી તેનો સમાવેશ અભ્યંતર તપમાં કરેલો છે.

કાયોત્સર્ગ કેવી રીતે કરવો, તે સંબંધી શાસ્ત્રોમાં કહ્યું છે કે-

चउरंगुलं मुहपत्ती, उज्जूए डब्बहत्थ रयहरणं ।
वोसट्ठचत्तदेहो, काउस्सग्गं करिज्जाहि ॥ १ ॥

બંને પગ સીધા ઊભા રાખી, આગળના ભાગમાં ચાર આંગળ જેટલું અને પાછળના ભાગમાં કાંઈક ઓછું અંતર રાખવું અને તે વખતે સીધા લટકતા રાખેલા જમણા હાથમાં મુહપત્તી અને ડાબા હાથમાં રજોહરણ ગ્રહણ કરવાં, પછી દેહની મમતાનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવાપૂર્વક કાયોત્સર્ગ કરવો.

કાયોત્સર્ગ કરતી વખતે એવી ભાવના રાખવી જોઈએ કે-

वासी चंदणकप्पो, जो मरणे जीविए य सममण्णो ।
देहे य अपडिबद्धो, काउसग्गो हवइ तस्स ॥ १ ॥

શરીરને કોઈ વાંસલાથી છેદી નાખે કે તેના પર ચંદનનો શાંતિદાયક લેપ કરે અથવા જીવન ટકે કે જલદી તેનો અંત આવે છતાં જે દેહભાવનાથી ખરડાય નહિ અને મનને સમભાવમાં રાખે તેને જ કાયોત્સર્ગ થાય છે.

નિર્ગ્રંથ મહર્ષિઓએ કાયોત્સર્ગને **सव्वदुक्खविमोक्खणं** એટલે સર્વ દુઃખોથી મૂકાવનારો કહ્યો છે.

તાત્પર્ય કે-તે સર્વોત્કૃષ્ટ અભ્યંતર તપ છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

અન્ય તપો

તપના જણાવેલા બાર પ્રકારો ઉપરાંત બીજા ઘણાં નાનાં મોટાં તપો જૈન સમાજમાં પ્રચલિત છે. તે દરેકમાં અમુક વિધિ-વિધાનો કરવાના હોય છે. આ તપનું વિગતવાર વર્ણન કરવું એ સ્વતંત્ર ગ્રંથનો વિષય હોઈને અહીં તેનો વર્ણાનુક્રમ મુજબ નિર્દેશ માત્ર કરેલો છે.

૧ અક્ષય નિધિ તપ
૨ અખંડ દશમી તપ
૩ અગિયાર અંગનો તપ
૪ અંગશુદ્ધિ તપ
૫ અઠ્ઠાવીશ લબ્ધિનો તપ
૬ અવિધવા દશમી તપ
૭ અદુઃખદર્શી તપ
૮ અમૃતાષ્ટમી તપ
૯ અંબિકા તપ
૧૦ અશોક વૃક્ષ તપ
૧૧ અશુભ નિવારણ તપ
૧૨ અષ્ટ અષ્ટમિકા તપ
૧૩ અષ્ટ મહાસિદ્ધિ તપ
૧૪ અષ્ટ કર્મસૂદન તપ
૧૫ અષ્ટ કર્મોત્તર પ્રકૃતિ તપ
૧૬ અષ્ટ પ્રવચનમાતૃ તપ
૧૭ અષ્ટમાસી તપ
૧૮ અષ્ટાહ્નિક તપ
૧૯ અષ્ટાપદ તપ
૨૦ આયંબિલ વર્દ્ધમાન તપ
૨૧ આગમોક્ત કેવલી તપ
૨૨ ઇંદ્રિયપરાજય તપ
૨૩ ઋષભકાં તુલા (હાર) તપ
૨૪ ઋષભદેવ સંવત્સર તપ
૨૫ એકાદશી (મૌન) તપ
૨૬ એકાવલિ તપ
૨૭ એક સો વીસ કલ્યાણકનો તપ
૨૮ એક સો સિત્તેર જિનનો તપ
૨૯ કંઠાભરણ તપ
૩૦ કમળની ઓળી
૩૧ કર્મચક્રવાલ તપ
૩૨ કર્મ ચતુર્થ તપ
૩૩ કલંક નિવારણ તપ
૩૪ કષાયજય તપ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૩૫ કેવલી(તીર્થંકરજ્ઞાન)તપ
૩૬ કોટિશીલા તપ
૩૭ ક્ષીરસમુદ્ર તપ
૩૮ ગણધર (શ્રીવીરના) તપ
૩૯ ગુણરત્ન સંવત્સર તપ
૪૦ ગૌતમપડઘો
૪૧ ગૌતમકમળ તપ
૪૨ ઘડિયા બેઘડિયાનો તપ
૪૩ ઘન તપ
૪૪ ચતુર્ગતિ નિવારણ તપ
૪૫ ચતુર્વિધ સંઘ તપ
૪૬ ચઉસઠ્ઠી તપ
૪૭ ચત્તારિ-અટ્ઠ-દસ-દોય તપ
૪૮ ચંદનબાળા તપ
૪૯ ચાંદ્રાયણ તપ
૫૦ ચિંતામણિ તપ
૫૧ ચૌદ પૂર્વનો તપ
૫૨ ચ્યવન તથા જન્મ તપ
૫૩ છમાસી તપ
૫૪ છન્નું જિનની ઓળીનો તપ
૫૫ જિન ગુણ સંપત્તિ તપ
૫૬ જિન જનક તપ
૫૭ જિન દીક્ષા તપ
૫૮ જ્ઞાનપંચમી તપ
૫૯ તીર્થ તપ
૬૦ તીર્થંકર નિર્વાણ તપ
૬૧ તીર્થંકર વર્દ્ધમાન તપ
૬૨ તીર્થંકર જ્ઞાન તપ
૬૩ તીર્થંકર માતૃ તપ
૬૪ તિલક (દમયંતી) તપ
૬૫ તેર કાઠિયાનો તપ
૬૬ ત્રિપર્યન્ત-ઘન તપ
૬૭ દશ પચ્ચકખાણ મોટાંનો તપ
૬૮ દશ પચ્ચકખાણ નાનાંનો તપ
૬૯ દશ દશમિકા તપ
૭૦ દશવિધ યતિધર્મ તપ
૭૧ દારિદ્રયહરણ તપ
૭૨ દીવાળી (નિર્વાણદીપક) તપ
૭૩ દેવળ ઈંડા તપ
૭૪ દ્વાદશાંગી તપ
૭૫ ધર્મચક્ર તપ
૭૬ નવકારપદાક્ષરમાન તપ
૭૭ નવકાર તપ (નાનો)

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૭૮ નવનિધાન તપ

૭૯ નવપદજીની ઓળી

૮૦ નવ નવમિકા તપ

૮૧ નવ બ્રહ્મચર્ય ગુપ્તિ તપ

૮૨ નિરૂજશિખ તપ

૮૩ નિગોદ આયુઃક્ષય તપ

૮૪ નિજગીષ્ઠ તપ

૮૫ નંદીશ્વર તપ

૮૬ નંદ્યાવર્ત તપ (મોટો)

૮૭ નંદ્યાવર્ત તપ (નાનો)

૮૮ પખવાસો

૮૯ પદકડી તપ

૯૦ પરમભૂષણ તપ

૯૧ પરદેશી રાજાના છઠ્ઠ

૯૨ પરમપાલી તપ

૯૩ પંચપરમેષ્ઠિ તપ

૯૪ પંચમહાવ્રત તપ

૯૫ પંચમેરુ તપ

૯૬ પંચરંગી તપ

૯૭ પંચામૃત તપ

૯૮ પાર્શ્વજિન ગણધર તપ

૯૯ પાંચ છઠ્ઠ તપ

૧૦૦ પાંચ પચ્ચકખાણ તપ

૧૦૧ પીસ્તાલીશ આગમનો તપ

૧૦૨ પુંડરિક તપ

૧૦૩ પોશ દશમી તપ

૧૦૪ પ્રતિહાર્ય તપ

૧૦૫ બત્રીશ કલ્યાણક તપ

૧૦૬ બીજનો તપ

૧૦૭ બૃહત્સિંહનિક્રીડિત તપ

૧૦૮ બૃહત સંસારતારણ તપ

૧૦૯ ભદ્રોત્તર તપ

૧૧૦ ભદ્ર તપ

૧૧૧ મહાધનાદિ તપ

૧૧૨ મહાભદ્ર તપ

૧ ૩ શ્રી મહાવીર સર્વસંખ્યા તપ

૧૧૪ માઘમાલા તપ

૧૧૫ માણિકયપાવડી તપ

૧૧૬ મુકુટસપ્તમી તપ

૧૧૭ મુકતાવલી તપ

૧૧૮ મોક્ષત્રયોદશી તપ

૧૧૯ મેરુકલ્યાણક તપ

૧૨૦ મોક્ષકરંડ તપ

૧૨૧ મોટો રત્નોત્તર તપ

૧૨૨ યોગશુદ્ધિ તપ

૧૨૩ રત્નાવલી તપ

૧૨૪ રત્નમાલા તપ

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

૧૨૫ રત્નરોહણ તપ
૧૨૬ રત્નપાવડી તપ
૧૨૭ રોહિણી તપ
૧૨૮ લઘુ અષ્ટાહ્નિકા તપ
૧૨૯ લઘુ પંચમી તપ
૧૩૦ લઘુ સંસારતારણ તપ
૧૩૧ લક્ષ પ્રતિપદ તપ
૧૩૨ લોકનાલી તપ
૧૩૩ વર્ગ તપ
૧૩૪ વીશ સ્થાનક તપ
૧૩૫ શત્રુંજય મોદક તપ
૧૩૬ શત્રુંજય છઠ્ઠ અઠ્ઠમ તપ
૧૩૭ શિવકુમારનાં બેલાં
૧૩૮ શ્રુતદેવતા તપ
૧૩૯ શ્રેણી તપ
૧૪૦ ષટ્કાયાલોચન તપ
૧૪૧ સપ્તસપ્તમિકા તપ
૧૪૨ સમવસરણ તપ (નાનું)
૧૪૩ સમવસરણ તપ (મોટું)
૧૪૪ સર્વતોભદ્ર તપ
૧૪૫ સર્વ સુખસંપત્તિ તપ
૧૪૬ સર્વાંગસુંદર તપ
૧૪૭ સંલેષણા તપ
૧૪૮ સંવત્સર તપ
૧૪૯ સૂર્યાયણ તપ
૧૫૦ સોપાન તપ
૧૫૧ સૌભાગ્યસુંદર તપ
૧૫૨ સાત સૌખ્ય આઠ મોક્ષ તપ
૧૫૩ સિદ્ધિ તપ
૧૫૪ સુખદુઃખના મહિમાનો તપ
૧૫૫ સુંદરી તપ
૧૫૬ સિંહાસન તપ
૧૫૭ સ્વર્ગકરંડક તપ
૧૫૮ સૌભાગ્યકલ્પવૃક્ષ તપ
૧૫૯ સ્વર્ગ સ્વસ્તિક તપ
વગેરે.

આ પ્રમાણે તપનું સ્થાન, તપનો પ્રભાવ અને તપના પ્રકારો સમજી જેઓ તપનું આચરણ કરશે તે અવિચલ અક્ષય-સુખના અધિકારી બનશે.

સતત યાદ રાખવું ઘટે કે-તપનાં તેજ નિરાળાં છે, તપનાં તેજ અદ્ભુત અને અદ્વિતીય છે.

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust

નવા બહાર પડેલા ગ્રન્થો

આત્મકલ્યાણમાળા

(૧) હજારો વાંચકો જેની રાહ જોઇ રહ્યા હતા, પૂ. મુનિવરો, સાધ્વીજીઓ, જેની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે તે અત્યંત ભાવોત્પાદક પ્રાચીન પ્રાર્થના, ગુજરાતી સંસ્કૃત ચૈત્યવંદનો, સ્તુતિઓ, ઢાલીયાં, સ્તવનો, સજ્ઝાયો, પદોનો અત્યુત્તમ સંગ્રહ જેમાં છે. કિં. રૂા. ૪)

(૨) ધર્મબોધ ગ્રંથમાલાના શીઘ્ર ગ્રાહક બની જાવ. માત્ર પોસ્ટેજ સાથે રૂા. ૧૨) ની કિંમતમાં જીવનનું ઘડતર કરવા માટે જુદા જુદા વિષયો ઉપર રોચક શૈલીમાં લખાએલાં ૨૦ પુસ્તકો વસાવી લો.

(૩) પૌષધ વિધિ (ચોથી આવૃત્તિ) સંપૂર્ણ સૂત્રો વિધિ સાથે, નહિ ભણેલાઓ વાંચતા જાય અને પૌષધ કરી શકે તેવી યોજના જેમાં કરવામાં આવી છે. કિં. ૦-૧૨-૦.

(૪) મોહનમાલા (ચોથી આવૃત્તિ) પ્રાચીન અર્વાચીન સ્તવનો તથા પ્રાર્થના, ચૈત્યવંદન, થોયો, ગહુંલીઓ, તપવિધિ, સ્તોત્રો, છંદનો સંગ્રહ કિં. રૂા. ૧.

(૫) સજ્ઝાયો તથા ઢાળીઆઓનો સુંદર સંગ્રહ કિં. રૂા. રાા.

છપાતા ગ્રન્થો.

(૧) કલ્પસૂત્ર સુબોધિકા ટીકા (૨) શ્રી ભગવતીજી સૂત્રનાં પ્રવચનો (૩) શ્રી બૃહત્સંગ્રહણી સુવિસ્તૃત સચિત્ર ભાષાંતર (બીજી આવૃત્તિ).

છૂટક પુસ્તકો પણ મળી શકશે.

—: ગ્રાહકો થવાનાં તથા જોય અને મળવાનાં ઠેકાણાં :—

શા. લાલચંદ નંદલઆવી છે. કિં. ૦-૧૨-૦. શાહની કું.

ઠે. રાવપુરા ઘીકનમાલા (ચોથી આવૃત્તિ) પ્રાચપ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઇ

સરસ્વતી પુસ્તક ભચૈત્યવંદન, થોયો, ગહુંલીસ્તક ભંડાર

ઠે. રતનપોળ હાકિં. રૂા. ૧. ડીજીની ચાલ નં. ૧

યો તથા ઢાળીઆઓનો સું મુંબઇ

છપાતા ગ્રન્થો

Ac. Gunratnasuri MS Jin Gun Aradhak Trust